


PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 265
Dt.: 06-06-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa


વેસ્ટ એશિયા વિવાદ વચ્ચે આરબીઆઈએ જાળવ્યો ન્યુટ્રલ અભિગમ

# આરબીઆઈએ રેપો રેટ ૫.૨૫% પર યથાવત્ રાખ્યો

## રેપો રેટ યથાવત્ રહેતાં ઈએમઆઈમાં રાહતની આશા રાખી બેસેલા લોકોને ઝટકો લાગ્યો છેઃ લોકોના ઈએમઆઈમાં કોઈ ફેરફાર જોવા નહીં મળે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આરબીઆઈની મોનિટરી પોલિસીની મીટિંગનો અંત આવ્યો છે. આ બેઠક પૂર્ણ થતાં જ રેપો રેટ અંગે પણ મોટા સમાચાર સામે આવ્યા છે. અમેરિકા-ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધને કારણે વિશ્વભરમાં જે અનિશ્ચિતતાના વાદળો યથાવત્ છે તેની વચ્ચે RBIએ મોંઘવારીને ધ્યાનમાં રાખીને મહત્ત્વનો નિર્ણય લીધો છે.

RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ આ માહિતી આપી હતી. રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. રેપો રેટ હવે ૫.૨૫% પર યથાવત્ રાખવામાં આવ્યો છે.

જોકે હવે રેપો રેટ યથાવત્ રહેતાં ઈએમઆઈમાં રાહતની આશા રાખી બેસેલા લોકોને ઝટકો લાગ્યો છે. લોકોના ઈએમઆઈમાં કોઈ ફેરફાર જોવા નહીં મળે.

હાલનો રેપો રેટ : ભારતીય રિઝર્વ બેંકનો હાલનો મુખ્ય નીતિગત દર (Repo Rate) ૫.૨૫% છે.

છેલ્લે થયેલી વધ-ઘટ : રેપો રેટમાં છેલ્લો ફેરફાર ૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યો હતો, જ્યારે મોનેટરી પોલિસી કમિટી (MPC) દ્વારા વ્યાજ દરમાં ૨૫ બેસિસ પોઈન્ટ(૦.૨૫%)નો ઘટાડો કરીને તેને ૫.૫૦%થી ઘટાડીને ૫.૨૫% કરવામાં આવ્યો હતો.

ભારતીય રિઝર્વ બેંક(RBI)ની મોનેટરી પોલિસી કમિટી(MPC)ની બેઠકમાં વ્યાજ દરોને લઈને અત્યંત મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ જાહેરાત કરી છે કે મોનેટરી પોલિસી કમિટીએ સર્વસંમતિથી પોલિસી રેપો રેટને ૫.૨૫% પર સ્થિર રાખવાનો મત આપ્યો છે. આ સાથે જ મધ્યસ્થ બેંકે બજારની સ્થિતિને ધ્યાનમાં રાખીને પોતાનો ન્યુટ્રલ (તટસ્થ) અભિગમ જાળવી રાખ્યો છે. વૈશ્વિક પરિસ્થિતિઓ અંગે ચિંતા વ્યક્ત કરતાં ગવર્નર મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, વેસ્ટ એશિયા(પશ્ચિમ એશિયા)માં ચાલી રહેલા સંઘર્ષ અને તણાવના કારણે વૈશ્વિક આર્થિક પરિદૃશ્ય હજુ પણ અનિશ્ચિતતાઓથી ઘેરાયેલું છે.

આ આંતરરાષ્ટ્રીય પડકારો વચ્ચે દેશમાં મોંઘવારી પર કાબૂ રાખવા અને આર્થિક વૃદ્ધિને સંતુલિત કરવા માટે



આરબીઆઈએ વ્યાજ દરોમાં કોઈ ફેરફાર ન કરવાનો સુરક્ષિત નિર્ણય લીધો છે.

આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ વૈશ્વિક પડકારો વચ્ચે પણ સ્થાનિક અર્થતંત્ર અંગે આશાવાદ વ્યક્ત કર્યો છે.

તેમણે જણાવ્યું કે વેસ્ટ એશિયા(પશ્ચિમ એશિયા)માં ચાલી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને તેના કારણે ઊર્જા(ક્રૂડ ઓઈલ)ના ભાવમાં થઈ રહેલા તીવ્ર વધારા તેમજ ગ્લોબલ સપ્લાય ચેઈનમાં અવરોધોને લીધે વૈશ્વિક આર્થિક પ્રવૃત્તિઓ પ્રભાવિત થઈ રહી છે. જો કે, આવા વૈશ્વિક આંચકાઓ છતાં ભારતમાં સીપીઆઈ (CPI) આધારિત મોંઘવારી દર હાલમાં નિર્ધારિત લક્ષ્યાંક કરતાં નીચે રહ્યો છે, કારણ કે વૈશ્વિક અસરોની સ્થાનિક કિંમતો પર મર્યાદિત અસર પડી છે. પરંતુ બેઝલાઈન પ્રોજેક્શન (અંદાજો) સૂચવે છે કે ચાલુ વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં (Q3) હેડલાઈન ઈન્ફ્લેશન (મુખ્ય મોંઘવારી દર) વધીને અપર ટોલરન્સ લેવલ (ઉચ્ચ સહનશીલતા સ્તર) તરફ જઈ શકે છે.

કેન્દ્રીય બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે દેશના જીડીપી ગ્રોથના અંદાજમાં મામૂલી ઘટાડો કર્યો છે. ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું કે, વૈશ્વિક આર્થિક પડકારોને ધ્યાનમાં રાખીને રિયલ જીડીપી ગ્રોથનો અંદાજ ૬.૯%થી ઘટાડીને ૬.૬% કરવામાં આવ્યો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ત્રિમાસિક (Quarterly) જીડીપી ગ્રોથનો અંદાજ નીચે મુજબ છેઃ
જૂન ૨૦૨૬ ત્રિમાસિકઃ ૬.૬%
સપ્ટેમ્બર ૨૦૨૬ ત્રિમાસિકઃ ૬.૩%
ડિસેમ્બર ૨૦૨૬ ત્રિમાસિકઃ ૬.૫%
માર્ચ ૨૦૨૭ ત્રિમાસિકઃ ૬.૮%

મોંઘવારી દર (Inflation Rate) પર આરબીઆઈનો અંદાજ છે કે આ વર્ષે દેશમાં મોંઘવારી થોડી વધારે રહી શકે છે. આ વધારામાં તેલ અને ગેસની વધેલી કિંમતો મુખ્ય ભાગ ભજવશે.

અગાઉના આંકડાઃ ફેબ્રુઆરી ૨૦૨૬માં મોંઘવારી દર ૩.૨% હતો, જે માર્ચમાં ૩.૪% અને એપ્રિલમાં વધીને ૩.૫% થયો હતો. આ આંકડા કેન્દ્રીય બેંકના ૪%ના લક્ષ્યાંક કરતા ઓછા હતા.

જોકે, આગામી દિવસોમાં મોંઘવારી હજુ વધી શકે છે. આરબીઆઈના અનુમાન અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૭માં સરેરાશ મોંઘવારી દર ૫.૧% રહી શકે છે.

આગામી ત્રિમાસિક ગાળા માટે મોંઘવારી દરનો અંદાજ નીચે મુજબ છેઃ
જૂન ૨૦૨૬ trimestre: ૪.૨%
સપ્ટેમ્બર ૨૦૨૬ ત્રિમાસિકઃ ૫.૧%
ડિસેમ્બર ૨૦૨૬ ત્રિમાસિકઃ ૫.૯%
માર્ચ ૨૦૨૭ ત્રિમાસિકઃ ૫.૪%

યુદ્ધ અને અલ નીનોના કારણે RBIની ચેતવણી

## રેપો રેટ ભલે ના બદલાયો, પણ મોંઘવારી મિડલ ક્લાસને રડાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ દેશમાં મોંઘવારી વધવાની આશંકા વ્યક્ત કરીને સામાન્ય માણસની ચિંતામાં વધારો કર્યો છે. વધતા જતાં ક્રૂડ ઓઈલના ભાવ, વૈશ્વિક સપ્લાય ચેઈનમાં અવરોધો અને ચોમાસાની અનિશ્ચિતતાને કારણે સેન્ટ્રલ બેંકે ચાલુ નાણાકીય વર્ષ માટે તેના મોંઘવારીના અંદાજમાં મોટો વધારો કર્યો છે.

શુક્રવારે મુંબઈ સ્થિત આરબીઆઈ હેડક્વાર્ટર ખાતે પોતાની પ્રથમ મોનેટરી પોલિસી રિવ્યુ (MPC) બેઠકના પરિણામો જાહેર કરતાં ગવર્નર સંજય મલ્હોત્રાએ સ્પષ્ટ કર્યું કે, આગામી મહિનાઓમાં Consumer Pricesમાં મોટો ઉછાળો આવી શકે છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું કે, મોનેટરી પોલિસી કમિટીએ હવે નાણાકીય વર્ષ FY27 માટે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ફ્લેશન (CPI) એટલે કે રિટેલ મોંઘવારીનો અંદાજ વધારીને ૫.૧ ટકા કર્યો છે. અગાઉના અંદાજમાં તે ૪.૬ ટકા રાખવામાં આવ્યો હતો.

આ ફેરફાર પાછળ પશ્ચિમ એશિયા(West Asia)માં ચાલી રહેલો લાંબો સંઘર્ષ, ઊર્જાના વધતા ભાવ અને વૈશ્વિક આર્થિક સ્થિતિમાં આવેલો બગાડ મુખ્ય જવાબદાર છે. આરબીઆઈ ગવર્નરે જણાવ્યું હતું કે, સપ્લાય ચેઈનમાં લાંબા સમયથી ચાલી રહેલી ખલેલ અને ઊર્જાના ઊંચા ભાવોની પ્રતિકૂળ અસરો એપ્રિલની પોલિસીની સરખામણીએ વૃદ્ધિના દરમાં નરમાઈ અને મોંઘવારીના અંદાજમાં થયેલા વધારામાં સ્પષ્ટપણે દેખાઈ રહી છે.

વૈશ્વિક સ્તરે બગડતી પરિસ્થિતિ હોવા છતાં, આરબીઆઈએ વ્યાજદરમાં કોઈ ફેરફાર કર્યો નથી. બેન્ચમાર્ક રેપો રેટને ૫.૨૫ ટકા પર યથાવત્ રાખવામાં આવ્યો છે અને પોલિસીનું વલણ ન્યુટ્રલ રાખ્યું છે. આરબીઆઈનું માનવું છે કે મોંઘવારીના આઉટલુક પર વધુ સ્પષ્ટતા ન મળે ત્યાં સુધી રાહ જોવી જ ડહાપણભર્યું રહેશે.

છેલ્લા કેટલાક મહિનાઓમાં મોંઘવારી આરબીઆઈના ૪ ટકાના મધ્યમ ગાળાના લક્ષ્યાંકથી નીચે રહી છે. માર્ચમાં તે ૩.૪ ટકા અને એપ્રિલમાં ૩.૫ ટકા હતી. પરંતુ હવે આ રાહતનો સમય પૂરો થઈ રહ્યો હોય તેમ લાગે છે. આરબીઆઈએ ચાલુ નાણાકીય વર્ષના તમામ ચાર ક્વાર્ટર (ત્રિમાસિક ગાળા) માટે મોંઘવારીનો જે ગ્રાફ રજૂ કર્યો છે તે ચોંકાવનારો છે. આરબીઆઈ દ્વારા મોંઘવારીનો ગ્રાફ વધારવા પાછળનું સૌથી મોટું કારણ કાચું તેલ છે. એપ્રિલની સમીક્ષામાં આરબીઆઈએ અંદાજ લગાવ્યો હતો કે આ વર્ષે ક્રૂડ ઓઈલ સરેરાશ ૮૭-૮૮ ડૉલર પ્રતિ બેરલ રહેશે. પરંતુ છેલ્લા બે મહિનામાં ભારતીય બાસ્કેટમાં ક્રૂડ ઓઈલની સરેરાશ કિંમત ૧૧૦ ડૉલર પ્રતિ બેરલ રહી છે.

તેલના આ આંતરરાષ્ટ્રીય ભાવ હવે સ્થાનિક બજાર પર અસર કરી રહ્યા છે. મે મહિનાથી રિટેલ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં તેનો આંશિક બોજ ગ્રાહકો પર નાખવાનું શરૂ થઈ ગયું છે.

આ સિવાય કોમર્શિયલ એલપીજી (LPG), ઔદ્યોગિક કાચો માલ, કેમિકલ્સ, બેઝ મેટલ્સ, રબર અને પ્લાસ્ટિક પ્રોડક્ટ્સના ભાવ પણ વધ્યા છે, જેની સીધી અસર જથ્થાબંધ મોંઘવારી પર પડી છે, જે એપ્રિલમાં ૮ ટકાને પાર પહોંચી ગઈ હતી.

આરબીઆઈએ સેકન્ડ-રાઉન્ડ ઈફેક્ટ્સ અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે, જ્યાં શરૂઆતી ભાવવધારો આગળ જતાં વેતન વધારાની માંગ અને પ્રોડક્ટ્સના ભાવોમાં કાયમી વધારાનું રૂપ લઈ લે છે.

ગવર્નરે ચેતવણી આપતા કહ્યું કે અપેક્ષાઓ અને વેતન પર સેકન્ડ-રાઉન્ડ અસરો દ્વારા મોંઘવારીનું સામાન્યીકરણ થવું એ એક સ્પષ્ટ શક્યતા છે, જેના પર નજીકથી નજર રાખવાની જરૂર છે.

મોંઘવારી વધારવામાં માત્ર તેલ જ નહીં, પણ કુદરત પણ ભાગ ભજવી શકે છે. આરબીઆઈએ ચેતવણી આપી છે કે ચોમાસામાં સંભવિત અછત અને અલ નીનોની સ્થિતિ ઊભી થવાની આશંકા છે. જો આમ થશે તો કૃષિ ઉત્પાદન, ખાદ્ય પુરવઠો અને ગ્રામીણ માંગ પર તેની માઠી અસર થશે. જો કે, રાહતની વાત એ છે કે દેશમાં અનાજનો પૂરતો સ્ટોક અને જળાશયોમાં પાણીનું સારું સ્તર આ સંકટને થોડું હળવું કરી શકે છે.

સુપ્રીમ કોર્ટે ડ્રાફ્ટ જાહેર કર્યો

## 'ફક્ત AIની માહિતીના આધારે ચુકાદા-આદેશ ન આપી શકાય...'

### સુપ્રીમ કોર્ટ દ્વારા એઆઈના ઉપયોગના નિયંત્રણો અને નિયમો માટે એક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કમિટીની રચના કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે દેશની વિવિધ કોર્ટોમાં એઆઈના ઉપયોગ પર કેટલાક નિયંત્રણો લાદવા માટેના નિયમોનો ડ્રાફ્ટ જાહેર કર્યો છે. સાથે જ આ મુદ્દે લોકોના અભિપ્રાય પણ માગ્યા છે. આ ડ્રાફ્ટમાં કેવા સંજોગોમાં એઆઈનો ઉપયોગ કરવો અને ના કરવો વગેરેની એક યાદી આપવામાં આવી છે.

ડ્રાફ્ટ મુજબ કોઈ પણ કોર્ટમાં એઆઈની માહિતીના આધારે ચુકાદો નહીં આપી શકાય તેવા નિયંત્રણો પણ લાદવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટ દ્વારા એઆઈના ઉપયોગના નિયંત્રણો અને નિયમો માટે એક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કમિટીની રચના કરી હતી, આ કમિટી દ્વારા જ એઆઈના નિયંત્રણો માટે ડ્રાફ્ટ તૈયાર કર્યો છે.



જેને હાલ સુપ્રીમ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો અને લોકોના અભિપ્રાય માગવામાં આવ્યા હતા. વિવિધ કેસોમાં એઆઈના વધી રહેલા દુરૂપયોગને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટ દ્વારા દેશની તમામ કોર્ટો માટે એઆઈના નીતિ નિયમો જાહેર કરવાનો નિર્ણય લેવાયો હતો.જે ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો છે તેમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે કોઈ પણ મામલામાં ન્યાયિક નિષ્કર્ષ (ચુકાદા, આદેશ, કાયદા કે હકિકતના ફાન્ડિંગ) માત્ર એઆઈ જનરેટેડ માહિતી, ડેટા કે એનાલીસિસ આધારિત ના હોવો જોઈએ. એટલુ જ નહીં ડ્રાફ્ટમાં એઆઈના સારા કાર્ય માટે ઉપયોગમાં લેવાને પ્રોત્સાહન પણ આપવામાં આવ્યું છે. જેમાં કોર્ટો પર કેસોનું જે ભારણ છે તેને એઆઈના ઉપયોગથી હળવુ કરવા એક સ્ટેટેજિક રોડમેપ પણ આપવામાં આવ્યો છે. જેમ કે કેસ મેનેજમેન્ટ, કાર્યવાહીની ઓટોમેટેડ ટ્રાન્સક્રિપ્શન, કાયદાકીય દસ્તાવેજોનું સ્થાનિક ભાષામાં ભાષાંતર, લિગલ રિસર્ચમાં મદદ, કોર્ટ કાર્યવાહીની માહિતી આપવા અરજદારોને ચેટબોટ્સ દ્વારા મદદ પુરી પાડવી વગેરેનો સમાવેશ કરાયો છે.

જાહેર જનતા અને તમામ પક્ષકારો પાસેથી આ સમગ્ર દેશની કોર્ટોમાં લાગુ થનારા ૩૫ પાનાના ડ્રાફ્ટ માટે ૨૦મી જૂન સુધી અભિપ્રાયો માગવામાં આવ્યા છે.






ટ્રમ્પના નિવેદનની ભારે ચર્ચા

## 'અમે ભારતથી ખૂબ પૈસા કમાઈ રહ્યા છીએ, પીએમ મોદી મારા મિત્ર...'

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ (વ્યાપારી સમજૂતી) ને લઈને એક ખૂબ જ મહત્ત્વનું અને સકારાત્મક નિવેદન આપ્યું છે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત કરતી વખતે ટ્રમ્પે આશા વ્યક્ત કરી છે કે બંને દેશો વચ્ચે ટૂંક સમયમાં જ એક મોટો વ્યાપારિક કરાર થઈ શકે છે. આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભારે પ્રશંસા કરી હતી અને તેમને પોતાના 'ખાસ મિત્ર' ગણાવ્યા હતા. જોકે, આ સકારાત્મક વલણની સાથે જ ટ્રમ્પે ભારતની જૂની ટેરિફ નીતિઓ પર પણ નિશાન સાધ્યું હતું. ભૂતકાળના વ્યાપારી સમીકરણોનો ઉલ્લેખ કરતા ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, "ઘણા વર્ષો સુધી ભારતે અમેરિકાનો ફાયદો ઉઠાવ્યો છે. તેઓ અમારા સામાન પર ભારે ટેક્સ (ટેરિફ) લગાવતા હતા અને બદલામાં પોતે કશું ચૂકવતા નહોતા. હું આના માટે ભારતને દોષ નથી આપતો, પરંતુ અમેરિકાના જૂના નેતાઓને દોષ આપું છું કારણ કે આપણે બેવકૂફ હતા. જોકે, હવે સ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે અને અમે ભારત સાથેના વ્યાપારમાંથી ઘણો નફો કમાઈ રહ્યા છીએ." ભૂતકાળના વ્યાપારિક ભેદભાવો અને ટેક્સના વિવાદો છતાં ટ્રમ્પે ભવિષ્યમાં ભારત સાથે બહેતર કરાર થવાનો પૂરો ભરોસો આપ્યો હતો. તેમણે આનો સંપૂર્ણ શ્રેય પીએમ નરેન્દ્ર મોદી સાથેની પોતાની અંગત મિત્રતાને આપતા કહ્યું કે, "આ બધી વાતો પછી પણ અમે ભારત સાથે વ્યાપાર સમજૂતી કરી લઈશું. તેનું કારણ એ છે કે મને તમારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખૂબ ગમે છે. તે મારા ખૂબ સારા મિત્ર છે અને અમારી વચ્ચે ખૂબ જ મજબૂત અને બહેતર સંબંધો છે."ટ્રમ્પના આ મધુર નિવેદનની વચ્ચે જ અમેરિકા તરફથી ભારત સહિત અન્ય દેશો પર નવો ટેક્સ લાદવાનો પ્રસ્તાવ પણ સામે આવ્યો છે. અમેરિકાના વ્યાપાર પ્રતિનિધિ કાર્યાલય દ્વારા ભારત, ચીન, રશિયા, ઓસ્ટ્રેલિયા, ઈઝરાયેલ, જાપાન અને કતાર સહિત ૫૪ દેશોની એક યાદી બહાર પાડવામાં આવી છે. આ યાદીમાં આરોપ લગાવાયો છે કે આ દેશોમાં 'જબરન મજૂરી' થી બનેલી વસ્તુઓની આયાત રોકવા માટેના કાયદાઓ કડક રીતે લાગુ કરવામાં આવ્યા નથી.આ અંતર્ગત અમેરિકા ૧૯૭૪ના ટ્રેડ એક્ટની કલમ ૩૦૧ નો ઉપયોગ કરીને ૧૦% થી ૧૨.૫% સુધીનો નવો વધારાનો ટેરિફ ઝીંકી શકે છે. ભારત જેવા દેશો કે જેમણે વ્યાપારી કરાર હેઠળ આ નિયમો બનાવવાનું વચન આપ્યું છે, તેમના પર ૧૦% વધારાનો ટેક્સ લાગી શકે છે. જોકે, આ પ્રસ્તાવમાં કાપડ ઉદ્યોગ માટે રાહત આપતી ખાસ વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.



# તંત્રી લેખ......

## સંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગનો સમય

સવારે અખબાર ઉપાડતાની સાથે જ, દેશ અને વિશ્વના મુખ્ય સમાચારો વચ્ચે આપણું ધ્યાન ઘણીવાર ફુગાવા તરફ જાય છે. "રાંધણ ગેસ કટોકટી," "શાકભાજીના ભાવમાં વધારો," અથવા "નબળો થતો રૂપિયો" - આ ફક્ત હેડલાઇન્સ નથી, પરંતુ મધ્યમ વર્ગના પરિવારો માટે તેમના બજેટ, બાળકોની ફી અને ભવિષ્યની સુરક્ષા અંગેની રોજિંદા ચિંતાઓ છે. બદલાતા હવામાનની અસર સમાજના તમામ વર્ગોની મુશ્કેલીઓમાં વધુ વધારો કરી રહી છે. આ બે ચિંતાઓ અવિભાજ્ય રીતે જોડાયેલી છે. આપણે સમજવું જોઈએ કે પર્યાવરણ આપણા રસોડા, વીજળીના બિલ, મોટરસાયકલ ટાંકી અને ખેતીની જમીન સાથે સીધું જોડાયેલું છે. તાજેતરમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઊર્જા અને સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા, ઓર્ગેનિક ખેતી અપનાવવા અને બળતણનો વપરાશ ઘટાડવા, બિનજરૂરી વિદેશ પ્રવાસ અને સોનાની ખરીદી ટાળવા અને શક્ય હોય ત્યારે ઘરેથી કામ કરવાનો અભિગમ અપનાવવા અપીલ કરી હતી. તેમણે આ દાયકાને "સંકટનો દાયકા" ગણાવ્યો હતો, અને નોંધ્યું હતું કે કોવિડ-૧૯, યુદ્ધ અને ઊર્જા કટોકટી જેવા વૈશ્વિક પડકારો વિકાસ અને ગરીબી નિવારણ સિદ્ધિઓને અસર કરી રહ્યા છે. આ વૈશ્વિક દ્રશ્યને નાણાકીય નિષ્ણાત રોબર્ટ કિયોસાકીની ભયંકર ચેતવણીઓના સંદર્ભમાં પણ જોઈ શકાય છે. તેમનો દલીલ છે કે સંસ્કૃતિઓનું પતન બાહ્ય હુમલાઓને કારણે નહીં, પરંતુ આંતરિક ફુગાવા, આર્થિક અનિશ્ચિતતા અને સંસાધનોના દુરુપયોગને કારણે થાય છે. વડા પ્રધાનની અપીલના સંદર્ભમાં, આજે ભારત તેના લગભગ ૯૦ ટકા ક્રૂડ તેલ અને તેની કુદરતી ગેસની જરૂરિયાતોના ૫૦ ટકા આયાત કરે છે. હોર્મુઝ સ્ટ્રેટ નાકાબંધીને કારણે સર્જાયેલા ભૂરાજકીય સંકટને કારણે, ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ સુધી પહોંચી ગયા છે, જેના કારણે દેશના આયાત બિલમાં તીવ્ર વધારો થયો છે. દરમિયાન, ડોલરના મજબૂત થવાને કારણે રૂપિયો લગભગ ૯૫ રૂપિયા પ્રતિ ડોલરના રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયો છે, જેની સીધી અસર સામાન્ય માણસના ખિસ્સા અને દેશની આર્થિક સાર્વભૌમત્વ પર પડી છે. આવા મુશ્કેલ સમયમાં, આપણા દેશની કૃષિ નીતિ આ સંકટને ઉકેલવા માટે એક શક્તિશાળી સાધન બની શકે છે. ભારત તેની ખાદ્ય સુરક્ષા માટે જરૂરી યુરિયાના આશરે ૭૦ ટકા વિદેશથી આયાત કરે છે. યુરિયા ઉત્પાદનમાં કુદરતી ગેસના ઉપયોગને કારણે, વૈશ્વિક ગેસ કટોકટી સરકારના ખાતર સબસિડી બજેટમાં નોંધપાત્ર વધારો કરે છે. આ સંદર્ભમાં, આપણે ઝડપથી ઓર્ગેનિક ખેતી અને કુદરતી ખેતી તરફ આગળ વધવું જોઈએ. ગાયના છાણ અને પેશાબ આધારિત બાયો-ઇનપુટ્સ, ખાતર અને બાયોગેસ સ્લરીનો વિકેન્દ્રિત ઉપયોગ રાસાયણિક યુરિયા પરની નિર્ભરતાને નોંધપાત્ર રીતે ઘટાડી શકે છે. આ માત્ર માટીના સ્વાસ્થ્યને સુધારવા માટે એક પરંપરાગત પદ્ધતિ નથી, પરંતુ એક ક્રાંતિકારી "કૃષિ સંયમ" છે જે વિદેશી હૂંડિયામણ ભંડારને બચાવે છે અને દેશને ખાદ્ય સુરક્ષામાં આત્મનિર્ભર બનાવે છે. ભારતે ભૂતકાળમાં સામૂહિક બલિદાન દ્વારા મોટા સંકટનો સામનો કર્યો છે. ઉદાહરણ તરીકે, ૧૯૬૨ના યુદ્ધ દરમિયાન માતાઓએ પોતાનું સોનું દાન કર્યું હતું, અને ૧૯૬૫ના ખાદ્ય સંકટ દરમિયાન લાલ બહાદુર શાસ્ત્રીના આગ્રહથી સમગ્ર રાષ્ટ્રે સાપ્તાહિક ઉપવાસ કર્યા હતા. આજનું સંકટ એટલું મુશ્કેલ નથી. વર્તમાન વડા પ્રધાનનું ઉર્જા સંરક્ષણ અને કરકસરનું આહ્વાન આપણા પૂર્વજોના બલિદાન કરતાં સરળ અને વધુ વ્યવહારુ છે. આપણે ફક્ત આપણી દૈનિક આદતોમાં થોડી શિસ્ત અને સંયમ કેળવવાની જરૂર છે. સંયમિત જીવન આપણી સાંસ્કૃતિક ચેતના માટે મૂળભૂત છે. મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે પૃથ્વી પાસે દરેક માનવીની જરૂરિયાતો પૂરી કરવા માટે પૂરતા સંસાધનો છે, પરંતુ કોઈ એક વ્યક્તિના લોભને સંતોષવા માટે નહીં. આ ભાવના આજે ભારતના "જીવન મિશન"નો પાયો છે.

આ સંદર્ભમાં, કબીરના ઉપદેશો એટલા જ સુસંગત છે: "સાંઈ, મને એટલું આપો કે મારા પરિવારને ખવડાવી શકાય." મારે ભૂખ્યા ન રહેવું જોઈએ, પરંતુ સંત ભૂખ્યા ન રહેવું જોઈએ.' અર્થ એ છે કે જરૂરિયાત અને લોભ વચ્ચેના તફાવતને સમજીને, કરકસર માત્ર આર્થિક જ નહીં પણ નૈતિક અને સામાજિક ફરજ, 'રાષ્ટ્રીય સંયમ યજ્ઞ' પણ બની જાય છે.

## બસના ડ્રાઈવર પર હુમલો કરનારા ૩ શખ્સો ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરમાં દિગ્જામ ઓવરબ્રિજ નજીક ઓવરટેક કરવા જેવી સામાન્ય બાબતે એસ.ટી. બસના ડ્રાઈવર પર હુમલો કરનાર ત્રણ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા છે, જ્યારે અન્ય બે આરોપીઓની શોધખોળ ચાલુ છે.બનાવ મુજબ એસ.ટી. બસ અને એક કાર વચ્ચે ઓવરટેક મુદ્દે બોલાચાલી સર્જાતા કારમાં આવેલા શખ્સોએ બસ અટકાવી હતી. ત્યારબાદ બસના કાચ તોડી સરકારી મિલકતને નુકસાન પહોંચાડ્યું હતું તેમજ બસના ડ્રાઈવરને માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. બનાવને પગલે પોલીસમાં ફરિયાદ નોંધાતા તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ અને અન્ય પુરાવાઓના આધારે જામનગરમાં અંધ આશ્રમ વિસ્તારમાં રહેતા દીપક મનસુખભાઈ ગોહિલ (ઉંમર વર્ષ ૨૨), શંકર ટેકરી શાસ્ત્રીનગરમાં રહેતા ધર્મેન્દ્રસિંહ ઉર્ફે લાલભા વિરેન્દ્ર સિંહ સોઢા (ઉંમર વર્ષ ૨૩) તેમજ સિદ્ધનાથ સોસાયટીમાં રહેતા રાહુલ શામજીભાઈ ચાવડા (ઉંમર વર્ષ ૨૬) નામના ત્રણ આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નવા ભારતના હૃદયમાં વસે છે બિરસા - શ્રીમતી રંજના ચોપરા, આદિવાસી બાબતોના મંત્રાલયના સચિવ



- શ્રીમતી રંજના ચોપરા
આદિવાસી બાબતોના
મંત્રાલયના સચિવ

જ્યારે ભારત તેના મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરે છે, ત્યારે એક નામ છોટાનાગપુરના જંગલોમાંથી અવિરત નૈતિક શક્તિ સાથે ઉભરી આવે છે - ભગવાન બિરસા મુંડા, જેઓ ધરતી આબા (ધરતીના પિતા), જમીનના રક્ષક તરીકે પૂજનીય છે. એક ઐતિહાસિક વ્યક્તિત્વ કરતાં પણ વધુ, તેઓ ગૌરવ, પ્રતિકાર અને આદિવાસી સ્વાભિમાનના જીવંત પ્રતીક તરીકે ઓળખાય છે. તેમનું વિઝન - આદિવાસી ઓળખનું સંરક્ષણ થવું જોઈએ, સમાનતા સાર્થક હોવી જોઈએ, અને વિકાસ ન્યાય સાથે સામાન્ય લોકો સુધી પહોંચવો જોઈએ - વિકસિત ભારતના નિર્માણ તરફની ભારતની યાત્રાને સતત માર્ગદર્શન આપી રહ્યું છે. આજે, સર્વસમાવેશક વિકાસ પર નવેસરથી રાષ્ટ્રીય ભાર મૂકવાના બાર વર્ષ પછી, તે આદર્શો નીતિ, શાસન અને નવા ભારતના લોકોની આકાંક્ષાઓને આકાર આપી રહ્યા છે.

વારસાને તેનું યોગ્ય સ્થાન આપવું

ભગવાન બિરસા મુંડાનો વારસો લાંબા સમયથી સમગ્ર ભારતમાં આદિવાસી સમુદાયોના ગીતો, વાર્તાઓ અને સામૂહિક સ્મૃતિમાં જીવંત રહ્યો છે. વર્ષ ૨૦૨૧ માં, માનનીય પ્રધાનમંત્રીએ ૧૫મી નવેમ્બર - બિરસા મુંડાની જન્મજયંતિને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે જાહેર કરીને આ વારસાને રાષ્ટ્રીય માન્યતા આપી હતી. આ માન્યતા તેમની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ૧૫ નવેમ્બર ૨૦૨૪ થી ૧૫ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન 'જનજાતીય ગૌરવ વર્ષ'ની ઉજવણી સાથે વધુ ગાઢ બની હતી. આ સમયગાળા દરમિયાન, આદિવાસી ગૌરવ અને વિરાસતની દેશવ્યાપી ઉજવણીમાં ૩ કરોડથી વધુ નાગરિકો સુધી પહોંચીને ૨ લાખથી વધુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર દેશમાં, આ ઉજવણીઓએ આદિવાસી જીવનની સમૃદ્ધિ અને વિવિધતાને પ્રતિબિંબિત કરી હતી. નાગાલેન્ડમાં હોર્નબિલ ફેસ્ટિવલ અને કેરળમાં ટ્રાઇબલ લિટરરી ફેસ્ટિવલથી લઈને ઝારખંડમાં નેશનલ ટ્રાઇબલ ફિલ્મ ફેસ્ટિવલ અને તેલંગાણામાં કેનો સ્પ્રિન્ટ ચેમ્પિયનશિપ સુધીના કાર્યક્રમોએ આદિવાસી સંસ્કૃતિ, સર્જનાત્મકતા, રમતગમત અને વાર્તાલાપને રાષ્ટ્રીય સ્તરે આકર્ષણનું કેન્દ્ર બનાવ્યા હતા. આ તમામ કાર્યક્રમોમાં વિશિષ્ટ સંસ્કૃતિઓ અને સમુદાયોનું પ્રતિનિધિત્વ કરતા ૧૧ લાખથી વધુ આદિવાસી નાગરિકોએ ભાગ લીધો હતો. આ એક પ્રકારની ઘોષણાઓ હતી - કે આદિવાસી વારસો એ આધુનિક ભારતને આકાર આપવામાં એક જીવંત અને સક્રિય શક્તિ છે.

આદિવાસી સશક્તિકરણ અને સર્વસમાવેશકતા તરફ બાર વર્ષના સતત અને કેન્દ્રિત રાષ્ટ્રીય પ્રયાસોના આધારે, 'જનજાતીય ગરિમા ઉત્સવ ૨૦૨૬' ચાર વિષયો પર આધારિત સપ્તાહો દ્વારા આ ગતિને આગળ ધપાવે છે જે એકસાથે આદિવાસી વિકાસના સંપૂર્ણ સ્પેક્ટ્રમ (ક્ષેત્ર) ને પ્રતિબિંબિત કરે છે. ખાસ કરીને ત્રીજું સપ્તાહ, ભારતના ભવિષ્ય માટેના એક કેન્દ્રીય પ્રશ્ન પર ધ્યાન કેન્દ્રિત કરે છે: આપણે આ રાષ્ટ્રને આકાર આપનારા વ્યક્તિઓ અને સમુદાયોને કેવી રીતે ઓળખીએ, અને આપણે આગામી પેઢીને તે વારસાને આગળ ધપાવવા માટે કેવી રીતે સશક્ત કરીએ?

ઈતિહાસ જે નામો ભૂલી ગયો છે તેને પુનઃસ્થાપિત કરવા

તે પ્રશ્નનો જવાબ એવા ઘણા આદિવાસી નાયકોને ઓળખવા સાથે શરૂ થાય છે જેમનું યોગદાન લાંબા સમય સુધી મુખ્ય પ્રવાહના ઐતિહાસિક વર્ણનોમાંથી ગેરહાજર રહ્યા હતા. આદિવાસી વિસ્તારોમાં, શિક્ષકો, કલાકારો, વૈદ્યો અને સુધારકોની પેઢીઓએ સમુદાયોને ટકાવી રાખ્યા છે અને સાંસ્કૃતિક ઓળખનું જતન કર્યું છે. તેમની વાર્તાઓ ભારતની રાષ્ટ્રીય સ્મૃતિમાં યોગ્ય સ્થાન મેળવવાને પાત્ર છે, અને આ યોગદાનને દસ્તાવેજીબદ્ધ કરવા અને તેની ઉજવણી કરવા માટે હવે સતત પ્રયાસો થઈ રહ્યા છે.

દેશભરની આદિવાસી સંશોધન સંસ્થાઓ મૌખિક ઈતિહાસનું દસ્તાવેજીકરણ કરીને, સ્વદેશી જ્ઞાન પ્રણાલીઓને રેકોર્ડ કરીને અને આદિવાસી ભાષાઓ તથા સાંસ્કૃતિક પરંપરાઓનું જતન કરીને આ પ્રયાસમાં કેન્દ્રીય ભૂમિકા ભજવી રહી છે. હાલમાં, ૨૬ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફેલાયેલી ૨૯ TRIs આ કાર્યમાં રોકાયેલી છે, જેમાં ૨૨૨ આદિવાસી ભાષાઓમાં ૩૫૫ મૂળભૂત પુસ્તકો દસ્તાવેજીકૃત કરવામાં આવ્યા છે. આ પ્રયાસો ભવિષ્યની પેઢીઓ માટે અમૂલ્ય સાંસ્કૃતિક જ્ઞાનને સાચવવામાં મદદ કરી રહ્યા છે.

રાષ્ટ્રીય કથાનકમાં આદિવાસી અવાજોને પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ 'આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની સંગ્રહાલયો' દ્વારા પણ આકાર લઈ રહ્યો છે, જે સ્મૃતિ અને માન્યતાના સ્થળો તરીકે કલ્પના કરવામાં આવ્યા છે. આદિવાસી બાબતોના મંત્રાલયે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસી સમુદાયોની ભૂમિકાને સન્માનિત કરવા માટે ૧૦ રાજ્યોમાં આવા ૧૧ સંગ્રહાલયો મંજૂર કર્યા છે. રાંચીમાં ભગવાન બિરસા મુંડા અને નવા રાયપુરમાં શહીદ વીર નારાયણ સિંહને સમર્પિત સંગ્રહાલયો સહિત ચાર સંગ્રહાલયોનું ઉદ્ઘાટન થઈ ચૂક્યું છે. આ સંસ્થાઓ દ્વારા, આદિવાસી નાયકોની વાર્તાઓને દસ્તાવેજીબદ્ધ કરવામાં આવી રહી છે, તેની ઉજવણી કરવામાં આવી રહી છે અને ભારતની સામૂહિક ઐતિહાસિક સ્મૃતિમાં કાયમી ધોરણે વણી લેવામાં આવી રહી છે.

મશાલ ધારણ કરનારાઓને સશક્ત કરવા

ભૂતકાળનું સન્માન કરવાની સાથે, આ યાત્રા સ્વાભાવિક રીતે વર્તમાન પેઢીને સશક્ત કરવા તરફ આગળ વધે છે. મંત્રાલયના શિષ્યવૃત્તિ કાર્યક્રમોથી લાભ મેળવતા આદિવાસી વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યામાં આ સૌથી વધુ સ્પષ્ટપણે દેખાય છે. માત્ર વર્તમાન વર્ષમાં જ, પાંચ શિષ્યવૃત્તિ યોજનાઓ હેઠળ ૨૬,૦૧,૯૭૯ આદિવાસી વિદ્યાર્થીઓને રૂ.૩૮૨૫.૫૪ કરોડના કુલ ખર્ચ સાથે સહાય પૂરી પાડવામાં આવી છે. ઘણા વિદ્યાર્થીઓ તેમના પરિવારમાં ઉચ્ચ શિક્ષણ મેળવનારા પ્રથમ વ્યક્તિ છે, જેઓ માત્ર વ્યક્તિગત આકાંક્ષાઓ જ નહીં પરંતુ સમગ્ર સમુદાયની આશાઓ વહન કરી રહ્યા છે. આમાંથી, વર્તમાન શિષ્યવૃત્તિના લાભાર્થીઓમાં ૫૬% થી વધુ મહિલાઓ છે.

એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ્સનો વિસ્તાર પણ શિક્ષણની પહોંચ અને તકો પ્રત્યેની આ જ પ્રતિબદ્ધતા દર્શાવે છે. મંજૂર કરાયેલી EMRS સંસ્થાઓની સંખ્યા વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૬૭ હતી જે વધીને વર્ષ ૨૦૨૫-૨૬માં ૭૨૩ થઈ ગઈ છે, જે ૩૩૦% થી વધુનો વધારો દર્શાવે છે - જ્યારે આ જ સમયગાળા દરમિયાન કાર્યરત શાળાઓની સંખ્યા ૧૨૩ થી વધીને ૪૯૯ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓની નોંધણીમાં પણ નોંધપાત્ર વધારો થયો છે, જે ૦.૩૪ લાખથી વધીને ૧.૫૬ લાખ વિદ્યાર્થીઓ સુધી પહોંચી ગઈ છે. આદિવાસી વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત નિવાસી શિક્ષણ પ્રદાન કરીને, EMRS સંસ્થાઓ મજબૂત શૈક્ષણિક પાયો બનાવવામાં મદદ કરી રહી છે અને દેશભરના આદિવાસી યુવાનો માટે તકોનો વિસ્તાર કરી રહી છે.

આ આંકડાઓ માત્ર યોજનાઓના વિસ્તરણ કરતાં ઘણું બધું દર્શાવે છે; તેઓ એક મોટા માળખાકીય પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરે છે. શિષ્યવૃત્તિ અને ફેલોશિપ એ આત્મવિશ્વાસ, પ્રતિનિધિત્વ અને નેતૃત્વમાં કરવામાં આવેલું રોકાણ છે. અમારી પ્રતિબદ્ધતા અડગ છે: ભૌગોલિક પરિસ્થિતિ, પૃષ્ઠભૂમિ અથવા શિક્ષણ સંસ્થાઓ સુધી મર્યાદિત પહોંચને કારણે કોઈ પણ આદિવાસી વિદ્યાર્થીને તકથી વંચિત રાખવામાં આવવો જોઈએ નહીં.

મહિલાઓ કેન્દ્ર સ્થાને: સશક્તિકરણની સાચી અભિવ્યક્તિ

આ શૈક્ષણિક પરિવર્તનની સાથે સાથે આદિવાસી મહિલાઓ દ્વારા નેતૃત્વ કરાતા પાયાના સ્તરના નેતૃત્વમાં એક મોટો ફેરફાર આવ્યો છે. પેઢીઓથી, આદિવાસી મહિલાઓ સંસ્કૃતિ, કુદરતી સંસાધનો અને સામુદાયિક જીવનની નિઃશબ્દરક્ષક રહી છે - જે પરિવારો અને પરંપરાઓને ટકાવી રાખે છે. ભારત ૫.૨૦ કરોડ આદિવાસી મહિલાઓનું ઘર છે, જે કુલ આદિવાસી વસ્તીના લગભગ અડધા હિસ્સા સમાન છે, અને તેમનું નેતૃત્વ સર્વસમાવેશક વિકાસ માટે કેન્દ્રીય બની રહ્યું છે.

હાલમાં, ૪,૭૧૨ વન ધન વિકાસ કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા છે, જેમાંથી ૩,૩૬૫ કાર્યરત છે, જેનાથી ૧૨.૯ લાખથી વધુ લોકોને લાભ મળી રહ્યો છે, જેમાં અડધાથી વધુ લાભાર્થીઓ મહિલાઓ છે. આ પ્રયાસો પાયાના સ્તરની લોકશાહીને મજબૂત કરી રહ્યા છે જ્યારે આદિવાસી મહિલાઓ માટે વધુ આર્થિક અને સામાજિક સશક્તિકરણનું નિર્માણ કરી રહ્યા છે.

આગળ વધતો વારસો

ઉજવણી, સ્મરણ, શિક્ષણ અને મહિલા નેતૃત્વ મળીને એક મોટી અને સતત ચાલતી વાર્તાનો ભાગ બને છે, જેમાં આદિવાસી સમુદાયો આત્મવિશ્વાસ અને ગૌરવ સાથે ભારતના ભવિષ્યને વધુને વધુ આકાર આપી રહ્યા છે. 'ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન' અને 'પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન' (PM JANMAN) જેવી પહેલો દ્વારા, સંકલન અને સહયોગના એક નવા મોડેલ દ્વારા પરિવર્તનશીલ બદલાવ જમીની સ્તર સુધી પહોંચી રહ્યો છે. આદિવાસી વિદ્વાનોનો ઉદય, અજાણ્યા નાયકોની સ્વીકૃતિ, અને આદિવાસી મહિલાઓનું વધતું નેતૃત્વ એ બાબતને પ્રતિબિંબિત કરે છે કે કેવી રીતે ભગવાન બિરસા મુંડાનો વારસો સમકાલીન ભારતમાં જીવંત રહ્યો છે.

આજે, ભારતના ૧૦.૫ કરોડથી વધુ આદિવાસી નાગરિકો રાષ્ટ્રીય વાર્તાના સૌથી આકર્ષક અને પ્રગતિશીલ પ્રકરણોમાંના એક છે. તેઓ રાષ્ટ્રીય પ્રગતિના હાંસિયામાં નથી, પરંતુ વિકસિત ભારતના વિઝનમાં સૌથી મજબૂત યોગદાન આપનારાઓમાં સામેલ છે - વિદ્વાનો નવી ક્ષિતિજો સર કરી રહ્યા છે, મહિલાઓ નેતૃત્વને પુનઃવ્યાખ્યાયિત કરી રહી છે, અને અજાણ્યા નાયકો આખરે રાષ્ટ્રીય માન્યતા મેળવી રહ્યા છે. આ યાત્રામાં, ધરતી આબાનો વારસો આગળ વધી રહ્યો છે.

## ખેડામાં બુટલેગરો સામે પોલીસની લાલ આંખ, રૂ.૯૦ લાખના વિદેશી દારૂ પર ફર્યું બુલડોઝર

(સંપૂર્ણ સમાચાર સેવા)ખેડા

ખેડા જિલ્લા પોલીસ દ્વારા પ્રોહિબિશનના ગુનાઓ અંતર્ગત જપ્ત કરવામાં આવેલા વિદેશી દારૂના મોટા જથ્થાનો જાહેરમાં નાશ કરવામાં આવ્યો છે. નડિયાદ ડિવિઝન હેઠળ આવતા અલગ-અલગ ચાર પોલીસ સ્ટેશનો દ્વારા પકડાયેલા દારૂના જથ્થા પર વહીવટી તંત્રની હાજરીમાં બુલડોઝર ફેરવી દેવાયું હતું. અંદાજે રૂપિયા ૯૦ લાખની કિંમતની હજારો દારૂની બોટલોને કચડી નાખીને આ સમગ્ર કામગીરીને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. ખેડા જિલ્લાના નડિયાદ ટાઉન, નડિયાદ રૂરલ, વડતાલ અને મહુધા પોલીસ સ્ટેશનની હદમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ કુલ ૪૧ જેટલા ગુનાઓ નોંધાયા હતા. આ ગુનાઓ અંતર્ગત પોલીસ ટીમોએ જુદા-જુદા સમયે દરોડા પાડીને ગેરકાયદેસર રીતે હેરાફેરી કરાતો અને છુપાવેલો વિદેશી દારૂનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. અદાલતી પ્રક્રિયા અને નિયમોનુસાર આ જપ્ત કરાયેલા મુદ્દામાલનો નિકાલ કરવા માટે વહીવટી મંજૂરી મળતાં જ આ આકરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દારૂના આ જથ્થાનો નાશ કરવા માટે ખેડા જિલ્લા ડીવાયએસપી, ચારેય સંબંધિત પોલીસ સ્ટેશનના પીઆઈ તેમજ સ્થાનિક મામલતદાર સહિતના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓ અને પોલીસ જવાનોની કડક દેખરેખ હેઠળ, મેદાનમાં ગોઠવવામાં આવેલી કુલ ૩૦,૨૩૪ વિદેશી દારૂની બોટલો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. અંદાજે ૯૦ લાખ રૂપિયાનો આ ગેરકાયદેસર જથ્થો ગણતરીની મિનિટોમાં નષ્ટ કરી દેવાતાં બુટલેગરો અને અસામાજિક તત્વોમાં કડક સંદેશ ગયો છે.

### વેપારીને પનીર લેવું મોંઘું પડ્યું

## એક્ટિવાની ડેકીમાંથી દીકરાના લગ્નના ૮ લાખ ચોરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં ફરી એકવાર આંગડિયા પેઢીમાંથી નાણાં ઉપાડીને જતા વેપારીઓને ટાર્ગેટ કરતી રીઢા ગુનેગારોની ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં એક અત્યંત ચોંકાવનારી અને વિચિત્ર ચોરીની ઘટના સામે આવી છે.

અહીં એક ભંગારના વેપારીને રસ્તામાં ઊભા રહીને પનીર ખરીદવું એટલું મોંઘું પડ્યું કે, તેમણે ગણતરીની મિનિટોમાં પોતાના દીકરાના લગ્ન માટે લાવેલા પૂરેપૂરા ૮ લાખ ગુમાવવાનો વારો આવ્યો છે. આ મામલે વેપારીએ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી મુજબ, ભંગારનો વ્યવસાય કરતા વેપારીના દીકરાના ટૂંક સમયમાં જ લગ્ન હોવાથી તેમણે નાણાંની સગવડ કરી હતી. વેપારી કોઈ આંગડિયા પેઢીમાંથી દીકરાના લગ્ન માટે ઉછીના લીધેલા ૮ લાખની રોકડ રકમ લઈને નીકળ્યા હતા. સુરક્ષા ખાતર તેમણે આ મોટી રકમ પોતાની એક્ટિવાની ડેકીમાં સુરક્ષિત મૂકી દીધી હતી.

ત્યાર બાદ ઘરે પરત ફરતી વખતે શાહીબાગ વિસ્તારમાં આવેલી એક ડેરીની દુકાન પાસે પનીર ખરીદવા માટે તેઓ એક્ટિવા પાર્ક કરીને ઊભા રહ્યા હતા.

વેપારી જ્યારે દુકાન પર પનીરની ખરીદીમાં વ્યસ્ત હતા, ત્યારે જ લાગ જોઈને કોઈ અજાણ્યા તસ્કરોએ નજર ચૂકવીને એક્ટિવાની ડેકી તોડી નાખી હતી અથવા માસ્ટર કીથી ખોલીને અંદર રાખેલી ૮ લાખની રોકડની ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા. વેપારી જ્યારે પરત આવ્યા ત્યારે ડેકી ખુલ્લી જોઈને તેમના હોશ ઉડી ગયા હતા. દીકરાના લગ્નની ખુશીઓ વચ્ચે આટલી મોટી રકમ ચોરાઈ જતા પરિવાર આઘાતમાં સરી પડ્યો છે.

ઘટનાની જાણ થતા જ શાહીબાગ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ગુનો નોંધીને દુકાનની આસપાસ અને આંગડિયા પેઢીથી લઈને શાહીબાગ સુધીના રસ્તા પર લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવવાની તજવીજ હાથ ધરી છે. પોલીસને શંકા છે કે કોઈ તસ્કર આંગડિયા પેઢીથી જ વેપારીનો પીછો કરી રહ્યો હશે

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૦૫/૦૬/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૬૦ | ૧,૫૦૩.૦૦ | ૧,૯૯૬.૦૦ |
| ૨ | એરંડા | ૨૫ | ૧,૨૯૫.૦૦ | ૧,૩૦૭.૦૦ |
| ૩ | ઘઉં | ૮૩૧ | ૪૪૪.૦૦ | ૫૩૩.૦૦ |
| ૪ | બાજરી | ૮૨૦ | ૪૧૦.૦૦ | ૫૦૨.૦૦ |
| ૫ | મકાઇ | ૪૦૧ | ૪૧૮.૦૦ | ૪૨૪.૦૦ |
| ૬ | ચણા (કાબુલી ) | ૮૮ | ૧,૨૩૭.૦૦ | ૧,૫૨૪.૦૦ |
| ૭ | ચણા | ૪૬ | ૯૦૦.૦૦ | ૧,૧૩૭.૦૦ |
| ૮ | મગ | ૧૦ | ૧,૪૨૬.૦૦ | ૧,૪૭૦.૦૦ |
| ૯ | ગવાર | ૫ | ૯૧૫.૦૦ | ૧,૧૦૭.૦૦ |
| ૧૦ | સોયાબીન | ૨૭ | ૧,૪૦૫.૦૦ | ૧,૪૭૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

## રેલ સેવા પુરસ્કાર—૨૦૨૬ : ભાવનગર મંડળના શ્રેષ્ઠ કર્મચારીઓ અને એકમોનું સન્માન










પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા ઉત્કૃષ્ટ કાર્યનિષ્પત્તિ, નવીનતા, સુરક્ષા, મુસાફર સેવા અને સંગઠનાત્મક કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે "રેલ સેવા પુરસ્કાર – ૨૦૨૬" સમારોહનું આયોજન શુક્રવાર, તા. ૦૫ જૂન, ૨૦૨૬ના રોજ ભાવનગર પરા સ્થિત કમ્યુનિટી હોલ ખાતે કરવામાં આવ્યું હતું.

સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી દિનેશ વર્મા તથા વિશિષ્ટ અતિથિ તરીકે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO)ની અધ્યક્ષા શ્રીમતી શાલિની વર્મા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ વર્ષ ૨૦૨૫ દરમિયાન પોતાના કાર્યક્ષેત્રમાં નોંધપાત્ર અને ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કર્મચારીઓ તેમજ વિવિધ એકમોને રેલ સેવા પુરસ્કાર અર્પણ કરી સન્માનિત કર્યા હતા.

તાજેતરમાં યોજાયેલા પશ્ચિમ રેલવેના ૭૧મા રેલ સપ્તાહ પુરસ્કાર સમારોહમાં ભાવનગર મંડળે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ત્રણ પ્રતિષ્ઠિત કાર્યક્ષમતા શીલ્ડ પ્રાપ્ત કરીને ગૌરવ મેળવ્યું હતું. મંડળને રેલ મદદ ફરિયાદોના અસરકારક નિવારણ માટે "રેલ મદદ કાર્યક્ષમતા શીલ્ડ", સંરક્ષા ધોરણોમાં શ્રેષ્ઠ કામગીરી બદલ "સંરક્ષા શીલ્ડ" તથા હિન્દીના અસરકારક અમલીકરણ માટે "રાજભાષા શીલ્ડ" એનાયત કરવામાં આવી હતી. આ પુરસ્કારો પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડે દ્વારા પ્રદાન કરવામાં આવ્યા હતા.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે મંડળના કર્મચારીઓએ પોતાની કર્તવ્યનિષ્ઠા, નવીનતા અને ઉત્તમ કાર્યસંસ્કૃતિ દ્વારા રેલવેની કાર્યક્ષમતા, સંરક્ષા ધોરણો તથા મુસાફર સુવિધાઓને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

રેલ સેવા પુરસ્કાર—૨૦૨૬થી સન્માનિત કર્મચારીઓમાં શ્રી દીપક સિંહ, શ્રી રાજેશ કુમાર, શ્રી રુતાર્થ મનોજકુમાર ઝવેરી, શ્રી રોહિત કુમાર, શ્રી રામનાથ યાદવ, શ્રી કલ્પેશ કુમાર મોહનલાલ, શ્રી દિનેશચંદ્ર ખટીક, શ્રી રણજીત પટેલ, શ્રી હાર્દિક મંજિભાઈ કંડોલિયા, શ્રી પ્રેમચંદ મીણા, શ્રી નિપ્પુ કુમાર, શ્રી રોશન કુમાર, શ્રી વિકાસ કુમાર, શ્રી છોટુ કુમાર સાહ, શ્રી રાહુલ શર્મા, શ્રી સતીશ કુમાર, શ્રી જિગ્નેશપુરી હીરાપુરી ગોસ્વામી, શ્રી આકાશ ભાલિયા, શ્રી નરસિંહા રેડ્ડી દુલામ, શ્રી જિતેન્દ્ર પંચાલ, શ્રી બજરંગ દાસ, શ્રી રાહુલ જૈન, શ્રી વિપુલકુમાર જયંતિલાલ પરમાર તથા શ્રી સુનીલ કુમારનો સમાવેશ થાય છે.

સમારોહ દરમિયાન મંડળની વિવિધ એકમો અને સ્ટેશનોને પણ તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. બોટાદ યાર્ડને સુરક્ષિત અને કાર્યક્ષમ સંચાલન માટે, પીપાવાવ પોર્ટ સાઈડિંગને સર્વાધિક માલ લાદણી માટે તથા ભાવનગર ટર્મિનસ, લીમડી અને જામજોધપુર સ્ટેશનોને સ્વચ્છતા અને મુસાફર સુવિધાઓના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી બદલ પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. તે જ રીતે અમરેલી અને બોટાદ ADEN એકમોને શ્રેષ્ઠ ટ્રેક જાળવણી, ધોળાને શ્રેષ્ઠ રેલવે કોલોની, પોરબંદરને શ્રેષ્ઠ કોચિંગ ડિપો, જૂનાગઢને શ્રેષ્ઠ સિગ્નલ અને ટેલિકોમ ડિપો, ધોળાને શ્રેષ્ઠ ઈલેક્ટ્રિકલ ડિપો, જેતલસરને શ્રેષ્ઠ TRD ડિપો, મહુવાને શ્રેષ્ઠ રનિંગ રૂમ તથા ભાવનગર ટર્મિનસ RPF પોસ્ટને સુરક્ષા ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.પોતાના સંબોધનમાં મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ તમામ પુરસ્કાર વિજેતાઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે રેલ સેવા પુરસ્કાર માત્ર ઉત્કૃષ્ટ કામગીરીની ઓળખ જ નથી, પરંતુ કર્મચારીઓને વધુ સમર્પણ, નવીનતા અને કાર્યક્ષમતાથી કામ કરવા માટે પ્રેરિત કરવાનું અસરકારક માધ્યમ પણ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે સન્માનિત કર્મચારીઓ અને એકમો ભવિષ્યમાં પણ મુસાફરોને વધુ સારી સેવાઓ પૂરી પાડવામાં તથા ભારતીય રેલવેની પ્રગતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપતા રહેશે. આ પ્રસંગે અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ઋત્વિક શર્મા સહિત મંડળના અધિકારીઓ, કર્મચારીઓ તથા મીડિયા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે વરિષ્ઠ કાર્મિક અધિકારી શ્રી હુબલાલ જગને તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને ઉપસ્થિત મહાનુભાવોનો આભાર વ્યક્ત કરતાં ભાવનગર મંડળને ઉત્કૃષ્ટતાની નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવા માટે સતત પ્રયત્નશીલ રહેવાનું આહ્વાન કર્યું હતું.


ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક



PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# દારૂબંધી વાળા ગુજરાતમાં ભાજપના સાંસદની આદિવાસીઓને સલાહ: બુટલેગરોનો કેમિકલવાળો દારૂ પીવા કરતા ઘરે જાતે મહુડાનો દારૂ બનાવીને પીઓ




પ્રતિનિધિ,ગાંધીનગર

નર્મદામાં ભાજપના સાંસદ મનસુખ વસાવા વિવાદીત નિવેદનો માટે સતત ચર્ચામાં રહે છે. ત્યારે દારૂબંધીવાળા ગુજરાતમાં તેઓએ આદિવાસીઓના ઘરે મહુડાનો દારૂ બનાવીને પીવાની સલાહ આપી હતી. સાંસદના આ નિવેદન બાદ સમગ્ર જિલ્લામાં રાજકીય ચર્ચાઓ તેજ બની છે અને ખાસ કરીને મહુડાના દારૂ અંગેની ટીપ્પણી સોશીયલ મીડીયામાં વ્યાપક ચર્ચાનો વિષય બની છે. સોશીયલ મીડીયા પર ભાજપની કામગીરી પર સવાલ ઉઠાવતા વિપક્ષી નેતાઓ પર નિશાન સાધતા કહ્યુ હતુ કે તમને રાજકારણનો ર પણ ખબર નથી, નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ઢોલાર ગામે આદર્શ ગ્રામ વિકાસ સમિતિની પ્રથમ બેઠક દરમિયાન ભરૂચના સાંસદ મનસુખ વસાવા દ્વારા કરવામાં આવેલા નિવેદનો ચર્ચાનો વિષય બન્યા છે. કાર્યક્રમ દરમિયાન તેમણે ગામના વિકાસ, શિક્ષણ, દારૂની સમસ્યા અને ગ્રામ પંચાયતના નવા મકાનના બાંધકામ સહિતના મુદ્દાઓ પર ખુલ્લેઆમ પોતાના વિચારો વ્યકત કર્યા હતા. સાંસદ મનસુખ વસાવાએ વિસ્તારમાં કેમિકલયુકત દારૂનુ વેચાણ કરતા બુટલેગરો પર આકરા પ્રહાર કરતા જણાવ્યુ હતુ કે આવા ઝેરી અને કેમિકલયુકત દારૂના કારણે અનેક લોકોના આરોગ્ય પર ગંભીર અસર થાય છે.

તેમણે આદિવાસી સમાજને સંબોધતા કહ્યુ હતુ કે બુટલેગરો પાસેથી કેમિકલવાળો દારૂ ખરીદીને પીવાના બદલે જો પીવો જ હોય તો પોતાના ઘરે પરંપરાગત રીતે મહુડાનો દારૂ બનાવીને પીઓ, તેમના આ નિવેદન બાદ રાજકીય અને સામાજિક વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

કાર્યક્રમ દરમિયાન તેમણે આદિવાસી યુવાનોને સંદેશ આપતા કહ્યુ હતુ કે બિરસામુંડાના આદર્શોને અનુસરી શિક્ષણ અને વિકાસના માર્ગે આગળ વધવુ જોઈએ. આ સાથે તેઓએ યુવાનોને વ્યસનથી દુર રહેવાની અપીલ કરતા જણાવ્યુ હતુ કે સારૂ શિક્ષણ મેળવો, લાયક બનો, નોકરી અપાવવાની જવાબદારી મારી રહેશે, ગ્રામ પંચાયતના નવા મકાન અંગે પણ સાંસદે ચિંતા વ્યકત કરી હતી. ઉદ્ઘાટન પહેલા જ મકાનમાં તીરાડો અને બાંધકામની ખામીઓ દેખાતા તેમણે નબળા બાંધકામ માટે મનરેગા યોજના હેઠળ કરવામાં આવેલી કામગીરીને જવાબદાર ઠેરવી હતી અને ગુણવત્તા અંગે સવાલો ઉઠાવ્યા હતા. આ ઉપરાંત તેમણે સોશીયલ મીડીયા પર ભાજપ સરકારની કામગીરી અંગે સતત સવાલ ઉઠાવતા વિપક્ષી નેતાઓ પર નિશાન સાધ્યુ હતું. તેમણે કહ્યુ હતુ કે કેટલાક લોકોને રાજકારણનો ર પણ ખબર નથી, છતાં સોશીયલ મીડીયામાં ગેરમાર્ગે દોરતી વાતો કરે છે. સાંસદના આ નિવેદનો બાદ સમગ્ર જિલ્લામાં રાજકીય ચર્ચાઓ તેજ બની છે અને ખાસ કરીને મહુડાના દારૂ અંગેની ટીપ્પણી સોશીયલ મીડીયામાં વ્યાપક ચર્ચાનો વિષય બની છે.

# કુતરા સાથે દુષ્કૃત્ય કરાવી બ્લેકમેઈલીંગ કરતા ખેડુતનો આપઘાતઃ સ્યુસાઈટ નોટ લખી જીવન ટુંકાવી દીધુ



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટની ભાગોળે આવેલા સરધાર ગામે રહેતા અને ખેતી કામ કરીને પરીવારનુ ગુજરાન ચલાવતા ૫૦ વર્ષીય પ્રૌઢ હરીભાઈ રાજાભાઈ જાદવ નુ રહસ્યમય સંજોગોમાં મોત નિપજતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

હરીભાઈ પોતાની બાળપર ગામે આવેલી વાડીએ ગયા બાદ મોડી રાત સુધી ઘરે પરત ન ફરતા, તેમના બંને પુત્રો મયુર અને શૈલેષ વાડીએ તપાસ કરવા પહોચ્યા હતા. ત્યાં જઈને જોતા પિતા હરીભાઈ વાડીમાં બેભાન હાલતમાં પડયા હતા. ચિંતાતુર પરીવારે તેમને તાત્કાલીક સારવાર અર્થે સરકારી હોસ્પિટલે ખસેડયા હતા. જયાં ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. આ ચોકાવનારી ઘટનાની જાણ થતા જ આજી ડેમ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મોતનુ સાચુ કારણ જાણવા માટે મૃતદેહનુ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવાની તજવીજ હાથ ધરી હતી. મૃતક હરીભાઈને સંતાનમાં બે દિકરા અને ત્રણ દિકરીઓ છે.

આ સમગ્ર મામલામાં મૃતક પ્રૌઢના પુત્ર મયુરે પોલીસ સમક્ષ પિતાના મોત અંગે અત્યંત ચોકાવનારા આક્ષેપો કર્યા હતા. મયુરના જણાવ્યા અનુસાર હરીપર ગામનો રવજી ગોબર સોઢા અને બાળપર ગામનો નરેશ લાખા સોઢા, જેઓ તેના પિતા હરીભાઈના મિત્રો હતા. તેમણે અન્ય સાગરીતો સાથે મળીને પિતાને માનસિક અને શારીરિક ત્રાસ આપ્યો હતો. આરોપીઓએ હરીભાઈને વાડીએ નગ્ન કરી તેમના વાંધાજનક ફોટા અને વિડીયો ઉતારી લીધા હતા, આ ફોટા-વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ કરવાની ધમકી આપીને અગાઉ ૨૦ હજાર રૂપીયા પડાવી લીધા હતા. આટલાથી ન અટકતા આરોપીઓ વારંવાર મારા પિતા પાસે વધુ નાણાંની માંગણી કરીને સતત ધમકીઓ આપતા હતા. પુત્રએ વધુમાં ગંભીર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે પિતા જયારે રાત્રીના સમયે વાડીએ પાણી વાળવા જતા ત્યારે આરોપીઓ ત્યાં આવીને તેમની સાથે મારપીટ કરતા હતા. હદ તો ત્યારે થઈ જયારે આરોપીઓએ પિતા હરીભાઈને વાડીએ બોલાવી, ડરાવી ધમકાવીને કુતરા સાથે સૃષ્ટી વિરૂધ્ધનુ શારીરિક સંબંધ બાંધવાનુ કુદરત વિરોધી કૃત્ય કરવા મજબુર કર્યા હતા. આ અત્યંત શરમજનક અને ધ્રૃણાસ્પદ કૃત્યનો વિડીયો પણ આરોપીઓ એ પોતાના મોબાઈલમાં ફોનમાં રેકોર્ડ કરી લીધો હતો. ગઈ કાલે મયુર પર આરોપી નરેશનો ફોન આવ્યો હતો અને તેણે ધમકીભર્યા સ્વરમાં કહ્યુ હતુ કે તારા પિતા પાસેથી અમે પૈસા માંગીએ છીએ, તે પૈસા તુ આપી દે જે, આ વાતની જાણ જયારે મયુરે પોતાના પિતાને કરી ત્યારે હરીભાઈ ભારે આઘાત અને માનસિક તણાવમાં સરી પડયા હતા. નબળી આર્થિક સ્થિતિ અને બદનામીના ડર થી પરેશાન થઈને પિતાએ પુત્રને એમ પણ કહ્યુ હતુ કે આપણે આપણી વાડી વેચીને પણ તેમને પૈસા આપી દઈએ જેથી આ ત્રાસમાંથી મુકિત મળે, ત્યારબાદ રાત્રીના સમયે આરોપીઓએ ફરી ફોન કરીને ચા-પાણી પીવાના બહાને હરીભાઈને વાડીએ બોલાવ્યા હતા. જેથી તેઓ પોતાનો મોબાઈલ ઘરે જ મુકીને વાડીએ ગયા હતા અને પછી જીવતા પાછા ફર્યા ન હતા.

આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને આજી ડેમ પોલીસ સ્ટેશનના પીઆઈ તેમજ ડી સ્ટાફનો કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલે દોડી આવ્યો હતો. પોલીસે હાલ પુરતો ગુન્હો નોધીને જીણવટભરી તપાસ કરી દીધી છે. પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે હાલમાં મૃત્યુનુ ચોકકસ કારણ જાણવા માટે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રીપોર્ટ ની રાહ જોવાઈ રહી છે. આ ઘટના સ્યુસાઈડ નોટ એટલે કે આપઘાતની છે કે પછી કોઈ ષડયંત્રના ભાગરૂપે હત્યા કરવામાં આવી છે. તે તમામ દિશાઓમાં પોલીસ દ્વારા ઉંડાણપૂર્વક તપાસ ચલાવવામાં આવી રહી છે.

મૃતક હરીભાઈએ મોત વ્હાલુ કરતા પહેલા લખેલી એક સ્યુસાઈટ નોટ મળી આવી છે. જેમાં તેમણે પોતાની આપવીતી વર્ણવતા ગંભીર આક્ષેપો કર્યા છે. સ્યુસાઈટ નોટમાં લખ્યુ છે કે મને રવજી અને નરેશ અવાર નવાર ખુબ જ હેરાન પરેશાન કરે છે. તેઓ રાત્રીના સમયે ચા-પાણી પીવાના બહાને વાડીએ બોલાવી, મને નગ્ન કરી, કુતરાઓ સાથે સૃષ્ટી વિરૂધ્ધનુ કૃત્ય કરાવી મારા સેકસી વિડીયો બનાવી લે છે. આ વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ કરવાની ધમકી આપીને તેઓ મારી પાસે સતત પૈસાની પઠાણી ઉઘરાણી કરે છે. હું આ લોકોના અસહ્ય ત્રાસ અને બદનામીથી કંટાળી ગયો છું. તેથી આપઘાત કરૂ છું. વધુમાં નોટમાં ઉલ્લેખ કર્યો છે આ કાળા કરતુતમાં રવજી અને નરેશ સિવાય બીજા ચાર અજાણ્યા લોકો પણ સામેલ છે.

# હિંમતનગર ખાતે રૂ.૭૪ કરોડના ખર્ચે નવનિર્મિત અદ્યતન જિલ્લા ન્યાય મંદિરનુ ભવ્ય લોકાર્પણ કરાયું

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓની ગરીમામય ઉપસ્થિતિમાં હિંમતનગરને મળી નુતન ન્યાય સંકુલની ભેટ**





પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે ૭૪ કરોડના માતબર ખર્ચે તૈયાર થયેલા નુતન જિલ્લા ન્યાય મંદિરનુ ભવ્ય લોકાર્પણ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈ તકિતનુ અનાવરણ કરીને કર્યુ હતું. જયારે શિક્ષણમંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી પ્રદ્યુમન વાજા, ગુજરાત હાઈકોર્ટના સીનીયર જજ એ વાય કોગજે અને સાબરકાંઠા જિલ્લાના એડમિનીસ્ટ્રેટીવ જજ હેમંત પ્રચ્છક હિંમતનગર ખાતે ઉપસ્થિત રહીને લોકાર્પણ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. આ નવનિર્મિત બિલ્ડીંગમાં ૧૮ જેટલી કોર્ટ એક સાથે કાર્યરત થઈ શકશે જે નાગરીકોને ઝડપી અને પારદર્શક ન્યાય અપાવવામાં મહત્વની ભુમિકા ભજવશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વર્ચ્યુઅલ સંબોધનમાં સાબરકાંઠા જિલ્લાની ન્યાયીક કામગીરીની સરાહના કરતા જણાવ્યુ હતુ કે રાજયની અન્ય કોર્ટની સરખામણીએ સાબરકાંઠામાં ૧૦ વરસથી જુના માત્ર ૫૫ કેસો જ પેન્ડીંગ છે. જે ખુબ જ ગૌરવપૂર્ણ બાબત છે. તેમણે આ સંકુલમાં શરૂ થયેલા મીડીયેશન સેન્ટર અને આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સના ઉપયોગ અંગે માહિતી આપતા કહ્યુ હતુ કે આનાથી કાયદાની આંટી ઘુટી ગરીબ અને સામાન્ય નાગરીકો સરળતાથી સમજી શકશે, મંત્રીએ વકીલોને ડ્રગ્સના દુષણ સામેની લડાઈમાં સહયોગ આપવા અને પીડીતોને ઝડપી ન્યાય અપાવવા માટે સામાજિક જવાબદારી નિભાવવા વિનંતી કરી હતી.

શિક્ષણ મંત્રી અને પ્રભારી મંત્રી વાજાએ કાર્યક્રમ દરમિયાન જણાવ્યુ હતુ કે ગુજરાત સરકાર દ્વારા રાજયના તમામ જિલ્લા અને તાલુકા મથકોએ ન્યાયતંત્રની સુચારૂ વ્યવસ્થા માટે સુવિધાસભર મકાનોનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે ન્યાયાધીશો અને વકીલો માનવીય સંવેદના સાથે ન્યાયની પ્રક્રિયા પૂર્ણ કરે તે આવકાર્ય છે. ગુજરાત હાઈકોર્ટના સીનીયર જજ શ્રી એ વાય કોગજે એ સંબોધનમાં જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા ન્યાયતંત્ર માટે ફાળવવામાં આવેલી આ માતબર રકમ અને સુવિધા આપણી જવાબદારીમાં વધારો કરે છે. તેમણે આ ન્યાયીક સંકુલને પોતાનુ સમજીને સ્વચ્છ અને સુંદર રાખવા સૌને અપીલ કરી હતી. પર્યાવરણ દિવસના ઉપલક્ષમાં તેમણે જણાવ્યુ હતુ કે આ સંકુલમાં રોપવામાં આવેલા વૃક્ષોનુ જતન થવુ જોઈએ. વધુમાં બિલ્ડીંગમાં દરરોજ વપરાતા અંદાજીત ૫૦ થી ૭૫ હજાર લીટર પાણીનુ રીસાયકલ કરી બગીચામાં પુનઃ ઉપયોગ કરવાની વ્યવસ્થા ગોઠવી પાણી બચાવનુ ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા સુચન કર્યુ હતું. ગુજરાત હાઈકોર્ટના જજ શ્રી હેમંત પ્રચ્છકે જણાવ્યુ હતુ કે સર્વોચ્ચ અદાલતનો મુખ્ય ધ્યેય છેવાડાના માનવી સુધી ન્યાય પહોચાડવાનો છે. આ નવુ સંકુલ શુધ્ધ પાણી, મહિલાઓ માટે બેઠક વ્યવસ્થા, બાળકો માટે ઘોડીયાઘર અને દિવ્યાંગો માટે રેમ્પ જેવી અત્યાધુનિક સુવિધાઓથી સજજ છે. તેમણે ઉમેર્યુ હતુ કે જયાં ધર્મ છે ત્યાં વિજય નિશ્ચિત છે અને ન્યાયની ભાવના સાથે કામ કરવાથી લોકોનો ન્યાય તંત્ર પરનો ભરોસો વધુ મજબુત બનશે.

જિલ્લામાં હાલ કુલ ૨૩ ન્યાયીક અધિકારીઓ કાર્યરત રહીને ન્યાયીક કામગીરી સંભાળી રહ્યા છે. જિલ્લાની તમામ અદાલતોમાં કુલ મળીને ૨૨૫૯૦ કેસો પેન્ડીગ છે. સમગ્ર ગુજરાત ભરની અદાલતોની સરખામણીએ સાબરકાંઠા કોર્ટે સક્રીયતા દાખવીને ૧૦ વરસથી જુના કેસોનો મહત્તમ નિકાલ કર્યો છે. જેના પરીણામે સમગ્ર જિલ્લામાં ૧૦ વરસથી જુના માત્ર ૫૫ કેસો જ પેન્ડીગ રહ્યા છે. જે ન્યાય તંત્રની ગતિશીલતા સુચવે છે. અંદાજીત રૂપીયા ૭૪ કરોડના ખર્ચે તૈયાર થયેલા આ અદ્યતન સંકુલમાં એક સાથે ૧૮ કોર્ટો કાર્યરત થઈ શકે તેવી વ્યવસ્થા છે. જેમાં વિશાળ સેમીનાર રૂમ, કોન્ફરન્સ રૂમ, લોક અદાલત રૂમ, મીડીયેશન સેન્ટર, વકીલો માટે બાર રૂમ , ઘોડીયાઘર, સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર, દિવ્યાંગો માટે રેમ્પ અને આધુનિક વિડીયો કોન્ફરન્સીંગ રૂમની સુવિધા ઉપલબ્ધ છે. જેનાથી પોલીસ અને ડોકટર જેવા સાક્ષીઓ પોતાની ફરજના સ્થળે થી જુબાની આપી શકશે.

### ટ્રેનમાં ૧૦૦થી વધુ મુસાફરોને મળીને જમીની પ્રતિસાદ લીધોઃ

# યાત્રી સેવામાં પશ્ચિમ રેલવેની અનોખી પહેલઃ ડીઆરએમે 'સ્વર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસ'માં મુસાફરો સાથે કર્યો સીધો સંવાદ

## યુવાનો દ્વારા મોડીરાત સુધી કામ કરવા માટે 'વિશેષ કોચ' શરૂ કરવાનો અનોખો પ્રસ્તાવ

રેલ સેવાઓમાં સતત ગુણાત્મક સુધારો, સંચાલન કાર્યક્ષમતા અને સો ટકા મુસાફર સંતોષ સુનિશ્ચિત કરવા હેતુથી પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા એક અત્યંત સંવેદનશીલ અને અનોખી પહેલ કરવામાં આવી છે. આ વિશેષ અભિયાન હેઠળ અમદાવાદ મંડળના મંડલ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશે નવી દિલ્હી–સાબરમતી સ્વર્ણ જયંતી રાજધાની એક્સપ્રેસમાં સ્વયં પ્રવાસ કર્યો. આ મુસાફરી દરમિયાન તેમણે ચાલતી ટ્રેનમાં મુસાફરી કરતા ૧૦૦થી વધુ મુસાફરો સાથે તેમના બર્થ પર જઈને સીધો સંવાદ સ્થાપિત કર્યો અને રેલવે દ્વારા આપવામાં આવતી વિવિધ સેવાઓ અંગે વિસ્તૃત પ્રતિસાદ લીધો.

પ્રવાસ દરમિયાન મંડલ રેલ પ્રબંધકે ફર્સ્ટ એસી, સેકન્ડ એસી અને થર્ડ એસી સહિતના વિવિધ કોચોની વ્યાપક મુલાકાત લીધી. તેમણે બાળકો, વરિષ્ઠ નાગરિકો, મહિલા સહ-મુસાફરો અને કાર્યરત યુવાનો સાથે ખૂબ જ આત્મીય અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં વાતચીત કરી. આ ઘનિષ્ઠ સંવાદ દરમિયાન મુખ્યત્વે નીચેના મહત્વના મુદ્દાઓ પર મુસાફરો પાસેથી વિસ્તૃત સમીક્ષા લેવામાં આવી:

**કોચોની સ્વચ્છતા (Cleanliness):** મુસાફરી દરમિયાન ઓન-બોર્ડ હાઉસકીપિંગ સર્વિસ (OBHS)ની સક્રિયતા અને ટોયલેટ્સની સફાઈ વ્યવસ્થા અંગે મુસાફરોને સીધા પ્રશ્નો પૂછવામાં આવ્યા.

**લિનન ગુણવત્તા (Linen Quality):** મુસાફરોને આપવામાં આવતા કમ્બલ, ચાદર, તકિયા અને ટાવલની સ્વચ્છતા તેમજ તેમની પેકેજિંગની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. ૩ એસી કોચમાં તાજું



લિનન સપ્લાય ન કરવા બદલ વેન્ડરને એક લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો.

**ખોરાક વ્યવસ્થા (Catering & Food Quality):** રાજધાની એક્સપ્રેસમાં પીરસાતા ભોજનનો સ્વાદ, સ્વચ્છતા અને મેનૂની વિવિધતા અંગે મુસાફરોની અભિપ્રાય લેવામાં આવ્યો, જેમાં મોટાભાગના મુસાફરોએ સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો. ગુણવત્તાવાળો ચોખા સપ્લાય ન કરવા બદલ વેન્ડરને પણ એક લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો. સંવાદ દરમિયાન મુસાફરોએ કોઈ સંકોચ વગર રેલવેના મૂળભૂત માળખાને વધુ મજબૂત બનાવવા માટે તેમના મૂલ્યવાન સૂચનો શેર કર્યા. આ ક્રમમાં કેટલાક કામકાજી યુવાનો અને કોર્પોરેટ પ્રોફેશનલ્સે ડીઆરએમ સમક્ષ એક અત્યંત નવીન સૂચન રજૂ કર્યું. યુવાનોનું કહેવું હતું કે: "રાજધાની જેવી પ્રીમિયમ ટ્રેનોમાં યુવાનો અથવા કામકાજી મુસાફરો માટે એક 'વિશેષ વર્કિંગ કોચ' અથવા કસ્ટમાઇઝ્ડ જગ્યા હોવી જોઈએ, જેથી જે લોકો મોડીરાત્રે લેપટોપ પર કામ કરવા માંગે છે તેઓ અન્ય સહ-મુસાફરોની ઊંઘમાં વિક્ષેપ કર્યા વગર લાઇટ ચાલુ કરીને પોતાનું કામ કરી શકે." આ ઉપરાંત વરિષ્ઠ નાગરિકો અને મહિલા મુસાફરોએ પણ સુરક્ષા તથા લોવર બર્થના ફાળવણી અંગે કેટલાક મહત્વપૂર્ણ વ્યવહારુ સૂચનો આપ્યા. આ અવસરે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે, "મુસાફરોની સંતોષતા અને તેમનો સુરક્ષિત તથા આરામદાયક પ્રવાસ જ ભારતીય રેલવેની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. મુસાફરો પાસેથી મળતા સૂચનો અને જમીની પ્રતિસાદ અમારી સેવાઓમાં સતત સુધારો કરવા તથા તેને વધુ જન-અનુકૂળ બનાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે."

ટ્રેનમાં મુસાફરી કરી રહેલા મુસાફરોએ મંડળ રેલ પ્રબંધકની આ સંવેદનશીલ અને જમીની પહેલની ખૂબ પ્રશંસા કરી. મુસાફરોનું કહેવું હતું કે રેલવેના ઈતિહાસમાં આ એક મોટો બદલાવ છે, જયારે એટલા ઉચ્ચ સ્તરના અધિકારી સ્વયં મુસાફરોની સીટ સુધી આવીને તેમની સમસ્યાઓ અને સૂચનો સાંભળી રહ્યા છે. આ પગલું ભારતીય રેલવેના આધુનિક, પારદર્શક અને પ્રતિસાદક્ષમ (Responsive) સ્વરૂપને દર્શાવે છે. આ પ્રકારના સીધા સંવાદ કાર્યક્રમોથી માત્ર રેલ પ્રશાસન અને સામાન્ય જનતા વચ્ચેનું અંતર ઘટતું નથી, પરંતુ રેલ સેવાઓની ગુણવત્તાને એક નવા વૈશ્વિક સ્તરે લઈ જવાનો માર્ગ પણ સુગમ બને છે.

# ગુજરાત સરકાર વિદ્યાર્થીઓ માટે પુસ્તકોના ભાવમાં વધારો નહી કરે : ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય




પ્રતિનિધિ,ગાંધીનગર

દેશમાં વધતી મોંઘવારી અને આંતરરાષ્ટ્રીય સંજોગોની અસર હવે લગભગ દરેક ક્ષેત્ર પર જોવા મળી રહી છે. ખાસ કરીને ઈરાન – ઈઝરાયેલ અને અમેરીકા વચ્ચે વધતા તણાવને કારણે ઈંધણના ભાવમાં વધારો જાહેર કરવામાં આવ્યો છે. જેના કારણે અનેક ચીજ વસ્તુઓના ઉત્પાદન અને પરીવહન ખર્ચમાં વધારો નોધાયો છે. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે સરકારે રાહતના સમાચાર આપ્યા છે.

ગુજરાત સરકારે રાજયના પાઠય પુસ્તકોના ભાવમાં કોઈ વધારો નહી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળના ચેરમેન મનુભાઈ પાવરાએ જણાવ્યુ હતુ કે કાગળ સહિતના કાચા માલના ભાવમાં વધારો થયો હોવા છતાં તેનો બોજ વાલીઓ પર ન પડે તે માટે બોર્ડ દ્વારા પાઠય પુસ્તકો જુના જ ભાવમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ નિર્ણયથી લાખો વિદ્યાર્થીઓ અને તેમના પરીવારોને સીધો લાભ મળશે. પાઠય પુસ્તકો અને નોટબુકના ઉત્પાદન માટે જરૂરી કાચા કાગળના ભાવમાં છેલ્લા કેટલાક મહિનાઓથી નોધપાત્ર વધારો થયો છે. ઉપરાંત આયતી કાચા માલ, ઈંધણના વધેલા દર અને પરીવહન ખર્ચમાં થયેલા વધારાને કારણે પ્રકાશન ઉદ્યોગ પર વધારાનો આર્થિક બોજ આવ્યો છે. સામાન્ય રીતે આવી સ્થિતિમાં પુસ્તકોના ભાવમાં વધારો થતો હોય છે. પરંતુ રાજય સરકારે વિદ્યાર્થીઓના હિતમાં ભાવ યથાવત રાખવાનો નિર્ણય લીધો છે. મનુભાઈ પાવરાએ જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓને સમયસર પુસ્તકો મળી રહે તે માટે પાઠય પુસ્તક મંડળ દ્વારા ઝડપી કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે વર્તમાન પરિસ્થિતિને કારણે કેટલાક વિસ્તારોમાં પુસ્તકો પહોચવામાં થોડો વિલંબ થઈ શકે છે. તેમ છતાં વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે તમામ પાઠય પુસ્તકો ઓનલાઈન ઉપલબ્ધ રહેશે. જેથી અભ્યાસમાં કોઈ અડચણ ન આવે, જયાં એક તરફ સરકારી પાઠય પુસ્તકોના ભાવમાં વધારો નહી થાય , તો બીજી તરફ નોટબુક અને અન્ય સ્ટેશનરી વસ્તુઓ મોઘી બની છે. અગાઉ ૩૦ થી ૪૦ રૂપીયામાં મળતી સામાન્ય નોટબુક હવે ૫૫ થી ૬૦ રૂપીયામાં વેચાઈ રહી છે. કાગળના પ્રતિ કિલો ભાવમાં ૮ થી ૧૦ રૂપીયાનો વધારો થયો છે. આ ઉપરાંત કંપાસ બોક્ષ, બોલપેન, ફુલસ્કેપ બુકસ અને અન્ય શૈક્ષણિક સામગ્રીના ભાવમાં પણ નોધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. કાચા માલ અને ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાના કારણે ખાનગી પ્રકાશકો દ્વારા પ્રકાશિત ગાઈડ, રેફરન્સ બુકસ અને પુરક અભ્યાસ સામગ્રીના ભાવમાં ૨૦ થી ૨૫ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. જેના કારણે વાલીઓની ચિંતામાં વધારો થયો છે. તો બીજી તરફ કેટલાક બોર્ડના સત્તાવાર પાઠય પુસ્તકોમાં પણ અંદાજે ૧૦ ટકા જેટલો ભાવ વધારો નોંધાયો છે. સ્ટેશનરી બજારમાં પણ ૧૫ થી ૨૦ ટકા સુધીના ભાવ વધારાએ નવા શૈક્ષણિક સત્ર પહેલા વાલીઓના બજેટ પર અસર કરી છે.


**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ કાર્ય**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, 6th માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400 008 દ્વારા ઈ-ટેન્ડર સૂચના નં. BCT/26-27/55 તા. 01/06/2026 કામ અને સ્થાન: મુંબઈ સેન્ટ્રલ: લાઇન નં. 2,3 અને 4 ને તોડીને કવર શેડ અને 03 લેયર નિરીક્ષણ ખાડી વિના IBL ફાઉન્ડેશનવાળી 02 ખાડા લાઇનોની જોગવાઈ. (સંયુક્ત ટેન્ડર). કામનો અંદાજિત ખર્ચ: ₹28,03,11,108.78/- EMD : ₹56,06,200.00/- સબમિશન તારીખ અને સમય: તા.26.06.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 26.06.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો 0189

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**વીજળીકરણ કાર્યો**

ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલ્વે, ડિઆરએમની ઓફિસ, એનેક્સ બિલ્ડીંગ ત્રીજો માળ, દો-બત્તી, રતલામ (MP) 457-001 ટેન્ડર સૂચના આમંત્રિત કરે છે નંબર: EL-C-RTM-2026- 02-T તારીખ 02/06/2026 કાર્યનું નામ: ઉજ્જૈન NCયાર્ડ/લોકો યાર્ડ ખાતે સ્ટેબલિંગ લાઇનની જોગવાઇ માટે જનરલ સર્વિસ ઇલેક્ટ્રિફિકેશન કાર્ય, ઉજ્જૈન લોકો યાર્ડ ખાતે PQRS સાઇડિંગ લાઇનનું સ્થાનાંતરણ, ચિંતામન ગણેશ સ્ટેશન યાર્ડ ખાતે વધારાની લૂપ લાઇનની જોગવાઇ પશ્ચિમ રેલ્વેના રતલામ ડિવિઝનના સિંહસ્થ 2028 ના સંદર્ભમાં. અંદાજિત કિંમત : ₹1,86,15,498.24/- બિડ ડિપોઝિટ: ₹3,72,300/- ઓનલાઈન બિડિંગ શરૂ થવાની તારીખ: તા.09/06/2026 ટેન્ડર બંધ થવાની તારીખ: 23/06/2026 ના 15:00 કલાક સુધી. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0194

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**હાલની ISS CCTV સિસ્ટમનું વિસ્તરણ**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (કંપની), બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008 ટેન્ડર સૂચના નં.: MMCT-SnT-STES-1-2026 તા. 29/05/2026 કામનું નામ: મુંબઈ ડિવિઝનના ચર્ચગેટ-વિરાર વિભાગમાં હાલની ISS CCTV સિસ્ટમમાં વધારો અને વધારાના 335 કેમેરાની સ્થાપના. કામની કિંમત: ₹3,84,69,900.53/- બિડ સુરક્ષા: ₹7,69,400/- સબમિશન તારીખ અને સમય: તા.19-06-2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.19-06-2026 ના 15:30 કલાક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0190

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલ્વે**

ડિવિઝનલ રેલ્વે મેનેજર, વાણિજ્યિક વિભાગ, એનએફઆર સેક્શન, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008.

કાર્ય - મુંબઈ વિભાગમાં વિવિધ NFR માધ્યમો દ્વારા જાહેરાતનું પ્રદર્શન.

| હરાજી કેટલોગ નંબર | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVT-26-15 | 22-06-26 15:00:00 |

| ક્રમ નં. | લોટ નં. | સ્થાન / વિસ્તાર | દિવસો | ઈ-હરાજીની સમાપ્તિ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | ADVT-Int-S1-20EMU12c-483-26-3 (જાહેરાત - ટ્રેનના આંતરિક ભાગ) | પશ્ચિમ રેલ્વેના મુંબઈ ડિવિઝન પર 20 નંબરના બોમ્બાર્ડિયર EMU રેક્સ (ઉપનગરીય ટ્રેનો) ની અંદર ડિજિટલ/LED/LCD સ્ક્રીન દ્વારા માહિતી પ્રદ અને જાહેરાતો માટે ટ્રેનમાં 5 વર્ષ માટે કરાર કરો. | 1826 | 22-06-26, 15:30:00 |
| 2 | ADVT-BCT-BVI-OH-484-26-1 (જાહેરાત - ઘર બહાર) | બોરીવલી સ્ટેશન, સબ-સ્ટેશન નજીક, પશ્ચિમમાં, કિ.મી. 34/5A-34/4B, ડિસ્પ્લે કદ 6' X 10' (1), કુલ ડિસ્પ્લે ક્ષેત્રફળ 60 ચોરસ ફૂટ વચ્ચે 5 વર્ષના સમયગાળા માટે LCD/LED ઇન્સ્ટોલેશન દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો. | 1826 | 22-06-26, 15:40:00 |
| 3 | ADVT-BCT-DIC-OH-485-26-1 (જાહેરાત - ઘર બહાર) | દહિસર સ્ટેશન, સબવે નજીક, ફેન્સીંગ સાથે, પૂર્વ તરફ, કિ.મી. 36/16B-36/17B, ડિસ્પ્લે કદ 6' X 10' (1), કુલ માપન ક્ષેત્રફળ 60 ચોરસ ફૂટ વચ્ચે 5 વર્ષના સમયગાળા માટે LCD/LED ઇન્સ્ટોલેશન દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો. | 1826 | 22-06-26, 15:50:00 |
| 4 | ADVT-BCT-MIRA-OH-486-26-1 (જાહેરાત - ઘર બહાર) | મીરા રોડ અને ભાયંદર સ્ટેશન વચ્ચે, ટ્રેકની પૂર્વ બાજુ, કિ.મી. - 41/1B-41/6B, . દક્ષિણ પૂર્વ તરફ, ડિસ્પ્લે કદ 6' X 10' (7), કુલ માપન ક્ષેત્રફળ 420 ચોરસ ફૂટ વચ્ચે 5 વર્ષના સમયગાળા માટે LCD/LED ઇન્સ્ટોલેશન દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો. | 1826 | 22-06-26, 16:00:00 |
| 5 | ADVT-BCT-BSR-OH-488-26-1 (જાહેરાત - ઘર બહાર) | વસઈ રોડ સ્ટેશન પર 5 વર્ષ માટે LCD/LED ઇન્સ્ટોલ કરીને જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો, 6' X 10' કદનું પ્રદર્શન, કુલ માપવાલાયક વિસ્તાર 180 ચોરસ ફૂટ. | 1826 | 22-06-26 16:10:00 |
| 6 | ADVT-BCT-BYR-OH-487-26-1 (જાહેરાત - ઘર બહાર) | ભાયંદર સ્ટેશન પર 5 વર્ષના સમયગાળા માટે LCD/LED ઇન્સ્ટોલેશન દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટેના જથ્થાબંધ જાહેરાત અધિકારો, ડિસ્પ્લે કદ 10' X 6'(3) અને 6' X 10' (એક પછી એક), કુલ માપન ક્ષેત્રફળ 300 ચોરસ ફૂટ. | 1826 | 22-06-26 16:20:00 |
| 7 | ADVT-BCT-MIRA-OSN-445-26-3 (જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ)) | મીરા રોડ (MIRA) સ્ટેશન પર ત્રણ વર્ષના સમયગાળા માટે જથ્થાબંધ જાહેરાત અધિકારો. | 1096 | 22-06-26 16:30:00 |

સંપર્ક વિગતો: લેન્ડલાઇન નંબર: 02267644212, ઇમેઇલ આઈડી acmadvtgbct@gmail.com
નોંધ: સંભવિત બિડર્સને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી છે. લોટ વાઇઝ વિગતો ઉલ્લેખિત કેટલોગ હેઠળ ઉપલબ્ધ છે. 0201

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# લોકોએ ભાજપને એટલા મત આપ્યા કે જુના બધા રેકોર્ડ તુટી ગયા: આજે મારા રેકોર્ડ પણ તમે બધાએ તોડી નાંખ્યા છે: વડાપ્રધાન મોદી



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

વડાપ્રધાન મોદી ગુજરાત પ્રવાસે છે તેઓ સુરત ખાતેના ઈન્ડોર સ્ટેડીયમ ખાતે પહોચ્યા હતા. તેમનુ સુરતમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ તેમની સાથે હાજર રહ્યા હતા. વડાપ્રધાનના આગમન અગાઉ સુરતમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં એક સાયકલ રેલી યોજાઈ હતી.

ઈન્ડોર સ્ટેડીયમમાં પહોચતા જ મોદી મોદી ના નારા લાગ્યા હતા. મુખ્યમંત્રીએ વડાપ્રધાન મોદીને ૧૨ વરસના શાસનને ઉજવણીની શુભેચ્છાઓ પાઠવી હતી. વડાપ્રધાન મોદીએ સુરતના ઈન્ડોર સ્ટેડીયમ થી ૧૮ હજાર કરોડથી વધુના વિકાસ કામોનુ લોકાર્પણ અને ખાતમુહુર્ત કર્યુ હતું.

વડાપ્રધાન મોદીએ કેમ છો મજામાં કહીને સંબોધનની શરૂઆત કરી હતી, તેમણે સ્ટેડીયમમાં એક યુવક ચિત્ર લઈને આવ્યા હતા. તેમનુ ચિત્ર સ્વીકાર્યુ હતું. તેમણે કહ્યુ હતુ કે આ સુરત શહેર નથી, સુરત એક સ્પીરીટ છે. પર્યાવરણને લઈને લોકોએ સરસ પોસ્ટરો બનાવ્યા છે. જે પરીવારના સાથીઓએ આ કામ કર્યુ છે તેમને હું ખુબ ખુબ અભિનંદન આપુ છું. જયારે એમણે આ વિચાર કર્યો હશે ત્યારે તેમનુ મન લાગ્યુ હશે, આપણા કાઠીયાવાડના લોકો અહી સુરતમાં રહે છે. મારો તેમને આગ્રહ છે કે ખેતર બચાવો અભિયાનમાં જોડાય, સુરત વાસીઓએ મને ખુબ સરસ ભેટ આપી છે, એક લાખ લોકોએ પાંચ દિવસ સફાઈનુ અભિયાન ચલાવ્યુ મારા માટે આ મોટામાં મોટા સોગાત છે. સુરતના સૌ સાથીઓ અભિનંદનના અધિકારી છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ બાદ હું પહેલીવાર ગુજરાત આવ્યો છુ અને સુરતમાં આવ્યો છું, હું સુરતથી સમગ્ર ગુજરાતીઓને વંદન કરૂ છુ અને અભિનંદન કરૂ છું. અહી દશકથી વધુનો સમય થયો છે, તમે અમને સૌને ભાજપને નિરંતર પોતાના આશીર્વાદ આપ્યા છે. સમયની સાથે આ આશીર્વાદ વધતા રહ્યા છે. લોકોએ ભાજપને એટલા મત આપ્યા કે જુના બધા રેકોર્ડ તુટી ગયા, આજે મારા રેકોર્ડ પણ તમે બધાએ તોડી નાંખ્યા છે. હુ રાજનીતીમાં ખુબ જ મોડો આવ્યો હતો. ત્યારબાદ પ્રથમ ચુંટણી હતી, એ ચુંટણીમાં ભાજપે સૌથી મોટો વિજય પ્રાપ્ત કર્યો હતો. ત્યારથી આજ સુધી આ વિજયની યાત્રા ચાલી રહી છે.

દુનિયાના લોક તાંત્રીક સમાજમાં આવુ ખુબ ખુબ ઓછુ જોવા મળે છે, કોઈપણ પાર્ટીને જનતાના આશીર્વાદ અને સેવાનો અવસર મળવો મોટી વાત છે. અહી સુરત અને નવસારીના અનેક ચુંટાયેલા પ્રતિનિધિ આવ્યા છે. તેમને હું શુભકામનાઓ આપુ છું. ગુજરાતની જનતાએ સેવાભાવને સમર્થન આપ્યુ છે. સેવાના આ મિશનને વધુ વિસ્તાર કરવા આપણે વધુ પરીશ્રમ કરવાનો છે. આપનો સંકલ્પ વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવાનો છે. સુરત સમગ્ર દેશમાં સતત સ્વચ્છતાના એવોર્ડ પ્રાપ્ત કરે છે. શહેર આજે પણ સફાઈ અભિયાનને પ્રાથમિકતા આપે છે. આપણે રાજયના દરેક ખુણાને સ્વચ્છ રાખીશુ ત્યારે આ સંકલ્પ પૂર્ણ થશે. આજે પાંચમી જુન પર્યાવરણ દિવસ છે. આ દિવસના અવસરે હું દેશના સૌથી સ્વચ્છ શહેરોમાંથી એક સુરત માં છું, આ કેટલો ગર્વનો વિષય છે. આ સુરત એ જ શહેર છે જે પ્લેગ જેવી મહામારીથી પીડાતુ હતુ જે આજે દેશનુ સ્વચ્છ છે. આમા દરેકનુ યોગદાન છે. શહેરમાં સ્વચ્છતા માટે ખાસ અભિયાન ચલાવ્યુ છે. જેથી મારા વ્હાલા સુરતીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવુ છું. આજે અનેક પ્રોજેકટના લોકાર્પણ થયુ છે હું તેના માટે શુભકામનાઓ પાઠવુ છું. દુનિયા ગ્રીન ફયુચર તરફ ખુબ સાવધાન થઈ ગઈ છે. ધીમે ધીમે આગળ વધવાનો પ્રયાસ છે. ભારત પણ ગ્રીન ગ્રોથ પણ વધુ કામ કરે છે. તેમાં ગુજરાત વરસો પહેલા જ આ કામગીરી શરૂ કરી દીધી હતી. આ શતાબ્દીના પ્રારંભમાં જ સરકારમાં કલાઈમેન્ટ ચેન્જનો અલગ ડીપાર્ટમેન્ટ બનાવ્યો હતો. ગુજરાત આ વ્યવસ્થા કરનારુ ગુજરાત દેશમાં પહેલુ રાજય છે.

ગુજરાતના પાટણના ચારણકા ગામમાં ભારતનો પહેલો સોલાર પ્લાન્ટ પણ બનાવવામાં આવ્યો હતો. તે પહેલા તો એક તીર્થ ક્ષેત્રની જેમ જાણીતો બન્યો હતો. લોકો જોવા આવતા હતા, આજે ભારત પ્રકૃતિ સાથે પ્રગતિનો મંત્ર લઈને વિકાસ કરે છે. ઈકોનોમી અને ઈકોલોજી પણ સુરતમાં આ પ્રત્યક્ષ દેખાય છે. આજકાલ સુરતમાં સર્કયુલર વોટર ઈકોનોમીની ચર્ચા થાય છે. જેનાથી ગંદા પાણીનુ મેનેજમેન્ટ થાય છે અને આવક પણ થાય છે. આવનારા દશકો સુધી સુરત માટે પીવાના પાણીની વ્યવસ્થા થાય તે માટે તાપી પ્રોજેકટ સ્વીકૃત કરવામાં આવ્યો છે. સુરત માત્ર સ્વચ્છતા સુધી સીમીત નથી પણ ગ્રીન ગ્રોથના માધ્યમોનો પણ વિસ્તાર થઈ રહ્યો છે. સુરતમાં સડકો પર ચાલનારી તમામ બસો ઈલેકટ્રીક હશે, અહી મેટ્રોનો પણ વિસ્તાર થઈ રહ્યો છે. આવનારા સમયમાં હજીરા ઈન્ડસ્ટ્રીયલ એરીયા ગ્રીન સ્ટીલના ઉત્પાદન માટે જાણીતો બનશે. આજે દુનિયા પડકારો સામે પસાર થઈ રહી છે. આ દશકો વિશ્વ માટે આપદાઓનો દશકો સિધ્ધ થઈ રહ્યો છે. આપણે અનેક વૈશ્વિક આપદા જોઈએ છે. પહેલા કોરોના અને બાદમાં યુદ્ધ અને ઈંધણનુ સંકટ જેનાથી દુનિયામાં પડકારો ઉભા થયા, પણ મને ૧૪૦ કરોડ ભારતીયોના પ્રયાસથી દેશ આ પ્રકારના સંકટોની મજબુતી સાથે મુકાબલો કરી રહ્યો છે. તેમાં પણ ગુજરાતની મોટી ભુમિકા છે. ગુજરાતે પોતાનુ સામર્થ્ય વધાર્યુ છે. જે દેશના કામમાં આવ્યુ છે. ભારતની રીન્યુએબલ કેપેસીટી ૨૫૦ ગીગા વોટ છે. આપણા દેશે કયારેય મેગા વોટ થી આગળ વિચારાયુ જ નથી. આને આજે ગીગા વોટની વાત થાય છે. ૨૫૦ માં થી ૫૦ ગીગા વોટ ગુજરાતના છે. દેશની ગ્રીન એનર્જીનો પાંચમો ભાગ માત્ર ગુજરાત ઉત્પાદન કરે છે. સૌર ઉર્જાના ઉત્પાદનમાં પણ ગુજરાતે પ્રશંસનિય કામ કર્યુ છે. દેશ અરાજકતાને પસંદ નથી કરતો, કોંગ્રેસની સરકાર હોવા છતાં સ્થાનિક ચુંટણીઓમાં હાર મળી છે. લોકોએ કોંગ્રેસને સ્પષ્ટ સંદેશ આપ્યો છે. કર્ણાટકની જનતામાં પણ આક્રોશ છે જેથી કોંગ્રેસે મુખ્યમંત્રી બદલવા પડયા છે.

નર્મદા અને તાપી જેવા આદિવાસી ક્ષેત્રોમાં ફોર લેનની સુવિધા વધી રહી છે. આદિવાસી લોકોને અનેક પ્રકારની સુવિધા મળશે. આ કોરીડોર થી આદિવાસી ક્ષેત્રો ઈન્ડસ્ટ્રીયલ બેલ્ટ સાથે જોડાશે અને ટુરીઝમને પણ બળ મળશે. પર્યટન સ્થળો સુધી પહોચવુ આસાન થશે. સુરતમાં એક આધુનિક હોસ્પિટલનુ પણ લોકાર્પણ થયુ છે. ભારત નકારાત્મકતા થી આગળ વધી રહ્યો છે. ભારતના નાગરીકો સંકલ્પોથી વરેલા છે. દેશની જનશકિત સંકલ્પિત હે, જે દરેક લક્ષને પ્રાપ્ત કરી શકે છે. જે ભારતની તાકાત છે. તમે બે કદમ ચાલશો તો હું ત્રણ કદમ ચાલીશ, થાકવુ હવે મને મંજુર નથી.

# રાજકોટમાં યુવતિ પર દુષ્કર્મ: ભાજપ અગ્રણીએ બંદુક મુકી ૨૦ લાખની ખંડણી માંગી: ભાઈએ રૂમનો દરવાજો તોડી યુવતિને છોડાવી: પોલીસે ખંડણી સહિતની કલમ હેઠળ ગુન્હો નોંધ્યો



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટના બેડી ગામના ભાજપ અગ્રણી અને પોતાને ૧૦૮ તરીકે ઓળખાવતા તેમના સંબંધિ પરીવારે એક યુવતિનુ અપહરણ અને દુષ્કર્મ આચરવા ઉપરાંત ખંડણી માંગ્યાની ચકચારી ઘટના બહાર આવી છે.

મળેલી વિગતો મુજબ કચ્છના રાપર તાલુકાના ભીમાસર ગામે રહેતી યુવતિને સામખીયાળી બસસ્ટેન્ડ પાસેથી કારમાં ઉપાડી લઈ જઈ, સવા બે મહિના સુધી રૂમમાં બંધ રાખીને અવાર નવાર દુષ્કર્મ આચરવામાં આવતુ હતું.

એટલુ જ નહી ભાજપના સ્થાનિક નેતાએ યુવતિના માથે બંદુક જેવુ ઘાતક હથિયાર મુકી તેના પિતા પાસે રૂપીયા ૨૦ લાખની ખંડણી માંગતા ચકચાર મચી જવા પામી છે. આજી ડેમ પોલીસે રામ મુકેશ છૈયા, મુકેશ રાયધણ છૈયા, શ્યામ મુકેશ છૈયા અને જિલ્લા પંચાયત સદસ્યના પતિ રાજાભાઈ ઉર્ફે રાજેશ મેણંદ ચાવડા (૧૦૮) વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે. ભોગ બનનાર યુવતિ ત્રણેક વર્ષ અગાઉ કોટડા તાલુકાના રાજપરા ગામની હાઈસ્કુલમાં ધોરણ ૧૨ માં અભ્યાસ કરતી હતી. ત્યારે તેની સાથે જ ભણતા રામ મુકેશ છૈયા નામના શખ્સની નજર બગડી હતી અને તે યુવતિ સાથે સંપર્ક વધારવા દબાણ કરતો હતો. ધોરણ ૧૨ પછી યુવતિ ધ્રોલ ખાતે નર્સિંગનો બે વરસનો અભ્યાસ પુરો કરી વતન પરત ફરી હતી.

થોડા સમય બાદ તે કોલેજે રીઝલ્ટ લેવા ગઈ ત્યારે રામ છૈયાએ તેને કોલેજ બહાર થી બળજબરીપૂર્વક ગાડીમાં બેસાડી દીધી હતી અને કોરા કાગળો ઉપર સહીઓ કરાવી ફોટા પાડી લીધા હતા. ત્યારબાદ ૨૩ માર્ચના રોજ યુવતિ સામખીયાળી રહેતા તેના બિમાર ફોઈના ઘરે જવા નિકળી હતી. ત્યારે સામખીયાળી બસસ્ટેન્ડ નજીકથી આરોપી રામ અને તેના સાગરીતો અલ્ટો કાર લઈને ધસી આવ્યા હતા અને યુવતિનો મોબાઈલ સ્વીચ ઓફ કરાવી તેનુ અપહરણ કરી સરધાર લઈ આવ્યા હતા. સરધારમાં તેને એક રૂમમાં પુરી દઈ રામે યુવતિની મરજી વિરૂધ્ધ અનેકવાર દુષ્કર્મ ગુજાર્યુ હતું. આરોપી રામ, તેનો ભાઈ શ્યામ અને પિતા મુકેશ રાયધણ છૈયા યુવતિને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્રાસ આપતા હતા. જયારે યુવતિએ મુકત કરવા આજીજી કરી ત્યારે તેમના સંબંધી અને ભાજપ અગ્રણી રાજાભાઈ ઉર્ફે રાજેશ મેણંદ ચાવડાએ યુવતિના માથા પર બંદુક તાણી દીધી હતી અને ધમકી આપી હતી કે તારા પિતાજી અમોને રૂપીયા ૨૦ લાખ આપશે તો તને છોડીશુ નહીતર તને છોડીશુ નહી,

નરાધમોના ચુંગાલમાં ફસાયેલી યુવતિને ૧૫ દિવસ પહેલા તક મળતા જ તેણે આરોપી રામનો મોબાઈલ મેળવી લીધો હતો અને સ્નેપ ચેટ એપ્લીકેશન દ્વારા પોતાના ભાઈનો નંબર શોધીને ફોન કર્યો હતો.

યુવતિએ રડતા રડતા પોતાની આપવીતી અને બંધક હોવાની જાણ કરી હતી. જેના પગલે ૩૦ મે ના રોજ યુવતીના પિતા, ભાઈ અને મામા સહિતનો પરીવાર નવાગામ દોડી આવ્યો હતો, આરોપીના પરીવારે યુવતીને સોપવાની ના પાડતા, ભાઈએ બહેનને બચાવવા ફિલ્મી સ્ટાઈલે રૂમનો દરવાજો તોડી નાખ્યો હતો અને બહેનનો હાથ પકડી ગાડીમાં બેસાડી હેમખેમ છોડાવી લાવ્યા હતા. જે તે સમયે યુવતી ગભરાઈ ગઈ હોવાથી તેણીએ આજી ડેમ પોલીસ ફરીયાદ નોંધાવી છે.

ગઈ તારીખ ૩૦ મે ૨૦૨૬ ના રોજ ભોગ બનનાર યુવતીના પરીવારજનો વિરૂધ્ધ દુષ્કર્મ આચરનાર યુવકના પરીવારજને ફરીયાદ નોંધાવી હતી. જેમાં તેમણે જણાવ્યુ હતુ કે મારા ભાઈ રામ સાથે આ યુવતીએ પ્રેમ લગ્ન કર્યા હતા. જે તેના પરીવારજનોને મંજુર ન હોવાથી તેના પરીવારજનો મંડળી રચી અમારા ઘરે આવી ધોકા પાઈપ વડે અમને માર માર્યો હતો અને મારા ભાભીનુ એટલે કે દુષ્કર્મની ફરીયાદ નોધાવનાર યુવતીનુ અપહરણ કર્યા અંગે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

# રાજયના ૪ ડીવાયએસપી અપગ્રેડ થયા: ઉચ્ચ પગાર ધોરણનો મળશે લાભ




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના ગૃહ વિભાગે રાજય પોલીસ સેવાના ૪ અધિકારીઓને ઈન-સીટુ ધોરણે ઉચ્ચ કક્ષાના પગાર ધોરણનો લાભ આપવાનો મહત્વનો આદેશ જાહેર કર્યો છે. ગઈ કાલે બહાર પાડવામાં આવેલા આદેશ મુજબ હાલ પોલીસ અધિકારી (હથિયારી / બિન હથિયારી) વર્ગ ૧ ના પે મેટ્રીકસ લેવલ ૧૦ માં ફરજ બજાવતા ૪ અધિકારીઓને તેમની હાલની ફરજો યથાવત રાખીને પોલીસ અધિકારી વર્ગ ૧ સંવર્ગના ઉચ્ચ ગ્રેડ પે મેટ્રીકસ લેવલ ૧૧ માં અપગ્રેડ કરવામાં આવ્યા છે. ગૃહ વિભાગના આદેશ અનુસાર અધિકારીઓને ઈન-સીટુ પધ્ધતિથી બઢતી સમાન ચઢતી ગ્રેડનો લાભ આપવામાં આવ્યો છે. આથી અધિકારીઓના પગાર ધોરણમાં વધારો થશે. જો કે તેમની હાલની પોસ્ટીગ અને જવાબદારીઓમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જેમાં પી વી રાવલ (સેનાપતિ, રાજય અનામત પોલીસ દળ, જુથ ૧૫, મહેસાણા), બી એલ દેસાઈ (પોલીસ અધિક્ષક, મુખ્ય મથક ગોધરા પંચમહાલ), એચ પી દોશી (પોલીસ અધિક્ષક, પોલીસ ટ્રેનીંગ સેન્ટર (સોરઠ), જુનાગઢ) અને જી વી પઢેરીયા (નાયબ નિયામક, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (એસીબી અમદાવાદ) નો સમાવેશ થાય છે. જો કે આદેશમાં સ્પષ્ટ કહેવામાં આવ્યુ છે કે અધિકારીઓને નિયમિત પોલીસ અધિકારી વર્ગ ૧ ની ઉચ્ચ કક્ષાની જગ્યાના પે સ્કેલનો લાભ આપવામાં આવશે અને ત્યારબાદ નિયમોનુસાર તેમના પગારમાં ઈન્ક્રિમેન્ટ ની ગણતરી પણ કરવામાં આવશે. સરકારના આ નિર્ણયને રાજય પોલીસ સેવાના અધિકારીઓ માટે પ્રોત્સાહક પગલુ માનવામાં આવી રહ્યુ છે. કારણ કે લાંબા સમયથી સેવા બજાવતા અધિકારીઓને તેમની વરીષ્ઠતા અને સેવાકાળના આધારે આર્થિક લાભ પ્રાપ્ત થશે.

### જનતા જાએ તો જાએ કહાં?

# એકબાજુ SMC ધ્વારા ઝુંપડપટ્ટીનું ડિમોલિશન કરાય છે ત્યારે બીજીબાજુ સુડાના સરકારી આવાસો બે જ વર્ષમાં જર્જરિત થઈ જાય છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતના વેડ દરવાજા નાસિરનગરના ૫૦ વર્ષો જૂના રહીશોને SMCએ કોઈપણ પ્રકારની લેખિત કે મૌખિક સૂચના આપ્યા વગર ડિમોલિશન કરી ધોમધખતા તાપમાં રસ્તે રઝળતા કરી માનવતાને લજવી છે. ત્યારે સરકારી ખાતા સુડા દ્વારા મધ્યમ અને સામાન્ય વર્ગના માણસો માટે સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલી સુડા સંસ્કૃતિ વણકલા આવાસ યોજના બની છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪ માં જ ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારો પોતાના ઘરના સપના સાથે અહીં રહેવા આવ્યા હતા. ત્યાં માત્ર બે વર્ષમાં જ આ સુડાના મકાનોની જર્જરિત હાલત થઈ જતા ૧૦ હજારથી વધુ લોકો જીવના જોખમે રહેવા મજબૂર બન્યા છે.

આ બાબતે આવાસના રહીશોના જણાવ્યા મુજબ મકાનોમાં દિવાલોના પોપડા ખરવા, છતમાંથી પાણી ટપકવું, પ્લાસ્ટર નીકળી જવું અને લોખંડના સળિયા બહાર દેખાવા જેવી ગંભીર સમસ્યાઓ સર્જાઈ છે. હવે જ્યારે આવનારા ચોમાસામાં સ્થિતિ વધુ ખરાબ બનશે એ પણ એટલું જ સાચું છે. બાથરૂમ, રસોડા અને રૂમની દીવાલોમાંથી સતત લીકેજ થઈ રહ્યું છે. આ અંગે મળેલી માહિતી અનુસાર આ ગંભીર ઘટના બાબતે રહીશો દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

ઉપરાંત રહીશો જ્યારે ફરિયાદ લઈને જાય છે ત્યારે અધિકારીઓ ઉલ્ટો ચોર કોટવાલને દંડે એમ ફરિયાદ લઈને આવનારા રહીશોને જ જેલમાં નાંખવાની ધમકી આપી ભગાડી દે છે. આમ કરોડોના ખર્ચે બનેલા આવાસની હલકી ગુણવત્તાએ રહીશોના માથે જાનનું જોખમ ઊભું કર્યું છે.

ત્યારે અત્રે ઉલ્લેખનિય છે કે કોઈપણ નવી બનતી મિલકતની ઓછામાં ઓછી ૨૫ વર્ષની ગેરંટી બિલ્ડરે આપવી પડતી હોય છે એ સમય દરમિયાન મિલકતની ગુણવત્તા અંગે સવાલો ઊભા થાય તો એ જવાબદારી બિલ્ડરની રહે છે તો અહીં સુડા આવાસ બનાવનાર કોન્ટ્રાકટરની કેમ નહીં?

# વડાપ્રધાન મોદી સુરતમાં એલ એન્ડ ટી ના પ્રિઝીયન એન્જીનીયરીંગ એન્ડ સિસ્ટમની મુલાકાત લીધી



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતની મુલાકાતે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હી થી સીધા સુરત પહોચ્યા હતા.

મોદીએ આજે એલ એન્ડ ટી ના હજીરા પ્લાન્ટની મુલાકાત લીધી હતી અને બાદમાં ઈન્ડોર સ્ટેડીયમ ખાતે રૂપીયા ૧૮૭૭૮ કરોડના કામોનો લોકાર્પણ તથા ખાતમુહુર્ત કર્યુ હતું.

વડાપ્રધાનની આ મુલાકાત સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત ના અગ્રણીઓ હાજર રહ્યા હતા. મોદીએ હજીરા પ્લાન્ટ ખાતે એલ એન્ડ ટી પ્રિઝીયન એનજીનીયરીંગમા દેશના સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાના પ્લાન્ટનુ નિરીક્ષણ કર્યુ હતું. જેમાં જોરાવર લાઈટ ટેન્ક, અતિ આધુનિક કે-૯ વ્રજ હોવિત્ઝર ગન ફેસેલીટી તથા તીર ડ્રોન એર ડિફેન્સ સિસ્ટમ સહિતની સુરક્ષા ઉત્પાદનોની કામગીરી નિહાળી હતી. અધિકારીઓ અને એન્જીનીયરો સાથે વાતચીત કરી હતી. બાદમાં મોદી હજીરા ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી.

# ગુજરાતમાં વરસાદની આગાહી: આગામી ૧૦ જુન સુધી પવન અને વિજળીના ચમકારા સાથે હળવા માવઠાની શકયતા



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના વાતાવરણને લઈને હવામાન વિભાગ દ્વારા એક મહત્વની આગાહી જાહેર કરવામાં આવી છે. રાજયમાં આગામી ૧૦ જુન સુધી હવામાન બદલાયેલુ રહેશે અને કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી શકે છે.

ખાસ કરીને આજે ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ગાજવીજ સાથે હળવા વરસાદની પ્રબળ શકયતા સેવાઈ રહી છે. આ દરમિયાન પવનની ગતિ ૪૦ થી ૫૦ કિ.મી. પ્રતિ કલાકની રહેવાની ધારણા છે. જેથી નાગરીકોને સાવચેત રહેવા અપીલ કરાઈ છે.

હવામાન નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર હાલમાં એક સાથે ૩ મોટી સિસ્ટમ સક્રિય થવાને કારણે વાતાવરણમાં આ મોટો પલ્ટો આવ્યો છે. અત્યારે ઉત્તરી પાકિસ્તાન પાસે વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સ, જમ્મુ કાશ્મીર પર એક સાયકલોનીક સકર્યુલેશન અને ટ્રફ રેખા સક્રિય થઈ છે. આ ઉપરાંત દક્ષિણ-પૂર્વી રાજસ્થાન પાસે પણ વધુ એક સાયકલોનીક સકર્યુલેશન સક્રિય હોવાને કારણે ગુજરાતના દરીયાઈ વિસ્તારોમાં ૨૦ થી ૨૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે અને ભારે મેઘ ગર્જના પણ થઈ શકે છે. તો બીજી તરફ દક્ષિણ ભારતમાં કેરળના દરીયા કાંઠે પહોચી ગયેલુ ચોમાસુ હવે ધીમે ધીમે મજબુત બની રહ્યુ છે. હવામાન વિભાગના અંદાજ મુજબ આગામી ૨ થી ૩ દિવસમાં આ ચોમાસુ આગળ વધવા માટે સાનુકુળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે. ચોમાસાની આ આગેકુચને પગલે આગામી દિવસોમાં ગુજરાતમાં પણ પ્રિ મોન્સુન એકિટવિટી જોર પકડશે અને ત્યારબાદ વિધિવત રીતે મેઘરાજાનુ આગમન થશે. જેના કારણે ગરમીથી પીડાતા લોકોને મોટી રાહત મળશે.

# રાજકોટમાં મોંઘવારી વિરૂધ્ધ કોંગ્રેસની રેલી: ભડકે બળતી મોંઘવારી: નીટ પેપર લીક કૌભાંડ વિરૂધ્ધ કોંગ્રેસે રેલી યોજી




પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ભડકે બળતી મોંઘવારી અને નીટ પેપર લીક કૌભાંડ વિરૂધ્ધ રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા આજે શુક્રવારે બહુમાળી ભવનથી કલેકટર કચેરી સુધી વિશાળ રેલી શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાની આગેવાની હેઠળ સુત્રોચ્ચાર સાથે કાઢી કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતું.

કોંગ્રેસની આ વિશાળ રેલી કલેકટર કચેરી ખાતે આવી પહોચતા આગેવાનો અને કાર્યકરોએ ભારે સુત્રોચ્ચાર કરી કલેકટર કચેરીનુ પરીસર ગજવી દીધુ હતું. આ રેલીમાં કોગ્રેસના હોદેદારો અને કાર્યકરો ટોપલીમાં ડુંગળી-બટાટા અને ટામેટા લઈ જોડાયા હતા. આ અંગે શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યુ હતુ કે સમગ્ર દેશ આજે બે ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. એક તરફ બેકાબુ મોંઘવારીના કારણે સામાન્ય જનતાનુ જીવન દુષ્કર બન્યુ છે. તો બીજી તરફ નીટ સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સતત સામે આવી રહેલા પેપરલીક કૌભાંડના કારણે લાખો યુવાનોના સપનાઓ અને ભવિષ્ય સાથે ખુલ્લેઆમ ચેડા થઈ રહ્યા છે. દેશની જનતા અને યુવાનોને આર્થિક તથા માનસિક રીતે બરબાદ કરતી આ બંને સમસ્યાઓ સામે પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યક્રમના ભાગરૂપે આજે આ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ છે.

આ પ્રસંગે કોંગ્રેસ દ્વારા સરકારની નિષ્ફળ નીતીઓ સામે અનોખી રીતે વિરોધ નોધાવવા માટે મોઘવારીની જેલ નું નિર્માણ કરવામાં આવ્યુ હતું. આ જેલ માં સામાન્ય જનતા ને કેદી તરીકે દર્શાવી એ સંદેશ આપવામાં આવ્યો હતો કે આજે દેશની પ્રજા મોંઘવારીના બોજ હેઠળ જેલવાસ ભોગવી રહી છે. ગેસ સીલીન્ડર, પેટ્રોલ, ડીઝલ, ખાદ્યતેલ, દુધ, દાળ, ડુંગળી, બટાટા, ટામેટા સહિતની રોજીંદી જીવન જરૂરી વસ્તુઓના ભાવમાં થયેલા અસહ્ય વધારાએ સામાન્ય પરીવારોનુ બજેટ ખોરવી નાંખ્યુ છે.

આ ઉપરાંત કોંગ્રેસના હોદેદારો દ્વારા ખાદ્ય તેલના ડબ્બાના વિશેષ વેશ (ડ્રેસ) ધારણ કરીને વિરોધ કરવામાં આવ્યો હતો. પ્રતિક દ્વારા દર્શાવવામાં આવ્યુ હતુ કે રસોડાની સૌથી આવશ્યક વસ્તુ ગણાતા ખાદ્ય તેલના ભાવોમાં થયેલા બેફામ વધારાએ ગૃહિણીઓ અને સામાન્ય પરીવારોને ભારે આર્થિક સંકટમાં ધકેલી દીધા છે. આજે સામાન્ય માણસ પોતાની આવકનો મોટો હિસ્સો માત્ર જીવન જરૂરી વસ્તુઓ ખરીદવા માં જ ખર્ચી નાખવા મજબુર બન્યો છે. નીટ પેપર લીક કૌભાંડના વિરોધમાં રથ તૈયાર કરવામાં આવ્યો હતો. રથ પર પેપરલીક, ભ્રષ્ટાચાર અને વિદ્યાર્થીઓ સાથે થયેલા અન્યાયને દર્શાવતા પ્રતિકો મુકવામાં આવ્યા હતા. આ રથ દ્વારા કેન્દ્ર સરકારની નિષ્ફળતા અને શિક્ષણ વ્યવસ્થામાં ફેલાયેલા ભ્રષ્ટાચાર સામે ઉગ્ર વિરોધ નોધવામાં આવ્યો હતો. તેમજ દોષિતો સામે કડક કાર્યવાહી અને વિદ્યાર્થીઓને ન્યાય આપવાની માંગ કરવામાં આવી હતી.

શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદિપસિંહ જાડેજાએ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યુ હતુ કે દેશમાં મોઘવારીનો એવો વિસ્ફોટ થયો છે કે સામાન્ય માણસનુ જીવવુ મુશ્કેલ બની ગયુ છે. ગેસ સીલીન્ડર, પેટ્રોલ, ડીઝલ, ખાદ્યતેલ, દુધ, દાળ, શાકભાજી સહિત દરેક વસ્તુના ભાવ આસમાને પહોચ્યા છે. પ્રજાની આવક વધી નથી પરંતુ ખર્ચ અનેકગણો વધી ગયો છે. આજે સામાન્ય જનતા મોઘવારીની જેલ માં કેદ થઈ ગઈ છે અને સરકાર નિષ્ક્રિય દર્શક બનીને તમાશો જોઈ રહી છે. કાર્યક્રમ દરમિયાન રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદિપસિંહ જાડેજા ઉપરાંત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હિતેશ વોરા આ કાર્યક્રમમાં રાજકોટ શહેરના પ્રભારી જેની ઠુમ્મર સહિત ડો. હેમાંગભાઈ વસાવડા, જસવંત ભટ્ટી સહિતના આગેવાનો અને કાર્યકરો વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

# બોરસદ તાલુકાના અલારસા ગામે લીમડાનું તોતિંગ વૃક્ષ તુટી પડતાં એકનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

બોરસદ તાલુકાના અલારસા ગામે આજે બપોરે બનેલી એક કરુણ ઘટનામાં વર્ષો જુનું લીમડાનું વૃક્ષ તુટી પડતાં તેને નીચે ઉભેલા બે વાહન અને એક ફળની લારી દબાઈ જવા પામી હતી. જેમાં ટેમ્પાચાલકને ગંભીર ઈજાઓ થતાં તેનું મોત નીપજ્યું છે. જ્યારે અન્ય બે જણાં પણ ઘાયલ થયા હતા જેમને વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.બોરસદ તાલુકાના અલારસા ગામે બસસ્ટેન્ડ પાસે વર્ષો જૂનું તોતિંગ લીમડાનું વૃક્ષ હતું. જે આજે બપોરે એકાએક જ તુટી પડ્યું હતું. આ વખતે તેની નીચે એક રિક્ષા, ટેમ્પો અને ફળની લારી ઉભી હતી. જે આ વૃક્ષ નીચે દબાઈ ગઈ હતી. એકદમ જ તોતિંગ વૃક્ષ ધરાશાયી થતાં નાસભાગ મચી ગઈ હતી.